વર્ષ ૩ વિશેષ અંક જેઠ વદ ૨, ૨૦૬૫ - પુનઃ મુદ્રણ

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીવિવાહ ઓચ્છવ

જીરે પાતળી સોટીનો ચાબકો રે,
એનું ડાળ નમી નમી જાય;
જીરે ડાળ નમે એમને સૌ નમે રે
એમને નમીયા છે વૈષ્ણવજન .



સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા આપ સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ ને સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુના વિવાહોત્સવની હૃદયપૂર્વક વધાઇ. શ્રીદાદાજીનો વિવાહોત્સવ આપણા અલૌકિક શ્રીચતુર્થદ્વારમાં દર વર્ષે ખૂબજ અલૌકિક પ્રકારે ઉજવવામાં આવે છે. શ્રીગુસાંઇજીએ પોતાના લાડલા શ્રીગોકુલેશજીનો વિવાહ ખૂબજ ઉત્સાહપૂર્વક અને ધામ-ધૂમથી કર્યો હતો. શ્રીગુસાંઇજીના જ્ઞાતિજનો, બ્રાહ્મણો, વિપ્રો, પંડિતો, અને ભક્તસમાજ આ પ્રસંગના સાક્ષી બનીને આ અલૌકિક પ્રસંગને માણ્યો હતો. આ પ્રસંગનું વર્ણન અનિર્વચનિય છે. છતાં, આપણે આપણા જ ઘરના અને શ્રીદાદાજીના અનન્ય એવા ભક્તિ કવિ શ્રીગોપાલદાસભાઇ વ્યારાવાળા, જેમને શ્રીદાદાજીના જીવન-વૃત્તાંત પ્રાગટ્ય સિદ્ધાંત નામક પદ્યાત્મક ગ્રંથમાં સંકલિત કર્યો છે, તેજ પ્રાગટ્ય સિદ્ધાંત ગ્રંથમાં આ અલૌકિક પ્રસંગને વર્ણન કર્યુ છે, તે આ ગ્રંથના આધારે આપણે આ વિવાહોત્સવનો રસાસ્વાદ માણીશું.

આપણું અલૌકિક શ્રીચતુર્થદ્વાર શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુના નામથી ઉજાગર છે, તો આપણે પણ તે અલૌકિક સ્વરૂપને જાણીએ, માણીએ, અને જીવનમાં ઉતારીએ. આ અંક ગત વર્ષે શ્રીગોકુલેશ પ્રભુચરણના વિવાહોત્સવ પર વિશેષ અંક રૂપે પ્રકટ કરેલ હતો, તેનું આ પુનઃ મુદ્રણ કરીએ છીએ. જેથી આપણે આ સંસ્મરણો પોતાના હૃદયમાં કોતરી જાય અને સદાય આપણે આવા અલૌકિક પ્રસંગને માણતા રહીએ.

राग बिलावल :- **व्याह आयै श्रीवल्लभवर होत बधअई व्रजपुर घरघर ।।**
नित्य नवल दूल्हेकौ व्याह भयौ उमग्यौ है आनन्द तिहुंपुर ।। १ ।।
दूलहनीकौ लै आऐ वल्लभवर सीस सहेरौ जोबन भर ।।
परम रसाल बनी यह जोरी वल्लभदास बलि बलि इन पर ।। २ ।।

ભાવત્ક

રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ), દાસ ગોપાલ (વડોદરા)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીરસિક રસ સ્વરૂપ

શ્રીવિવાહ-ઓચ્છવ

સ્વરૂપ અપેક્ષિત રસ તે રસેભર્યા પાત્ર છે એ,
તેને કરું હું પ્રણામ જેમાંહે હિત માત્ર છે એ.

ભક્ત કવિ કહે છે કે શ્રીપ્રભુ **રસો વૈ સઃ** રસાત્મક છે તેથી ભક્ત પાસે રસની તેમને અપેક્ષા છે. એવાજ રસિક શિરોમણી શ્રીરસિક રસના દાતા સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ ઓચ્છવ જે રીતે ભક્તો પ્રેમથી આઠ દિવસ દર વર્ષે ઉજવે છે, તેમ અન્યનો વિવાહ ઉત્સવ સળંગ આઠ દિવસ ઉજવાતો જણાતો નથી. તેથી આ વિવાહમાં એવું અભિનવું કયું તત્વ રહ્યું છે તે સમજવા જેવું છે.

વિ.સં.૧૬૨૨ના ભાદરવા વદ ૨ના (ગુજરાતી શ્રા.વ.૨) ગઢેથી પધારી શ્રીગોકુલ પ્રવેશ કર્યો છે. શ્રીદાદાજી શ્રીગોકુલ પધારે છે, તે શુભ સમાચાર સાંભળી સર્વે સમાજને, સ્થાવર-જંગમ, અતિશય આનંદ થયો છે. આગ્રા, મથુરાદિ ગામોના વૈષ્ણવો સાથે આપનો મહાવનના ચૌધરીઓએ બહુ સત્કાર કર્યો-વાજિંત્ર વગાડ્યા ને વરણાગી કાઢીને પધરાવ્યા. શ્રીગોકુલ-વ્રજ શ્રીપ્રભુનું ક્રીડાંગણ છે, એટલે વૈષ્ણવોનું એ પ્રિય આત્મધામ, આથી શ્રીગોકુલ વસવાનું મન કોને ન થાય ? તેમાં શ્રીદાદાજી શ્રીગોકુલનો પ્રેમ નિરખી પ્રેમવશ થકી તેના વિરહ તાપ શમન માટે પધાર્યા. તેથી ભક્ત કવિ કહે છે :

સર્વના ઈશ્વર આત્મા અંતરજામી એહ,
સ્નેહ તણે રસવશ અતિ પોતે હોએ જ્યાંહાં નેહ . ૨૧ . ૫

શ્રીગોકુલ, શ્રીગોવર્ધન, વન, ઉપવન, યમુનાજી વગેરે આજ દિવસ સુધી આધિભૌતિક રૂપે બિરાજતા હતા. હવે શ્રીદાદાજી પધાર્યા તેથી આ બધી લીલાની સામગ્રી આધિદૈવિક સ્વરૂપે સેવા કરવા પધારે છે. પ્રભુ પધાર્યા જાણી શ્રીગોકુલ વગેરે સ્થળોમાં અતિ આનંદ પ્રગટ્યો.

સ્થલ રૂપે જે સ્થિર હતા તે ગોકુલ વ્રજને સંગ,
તે અતિસે સહુ હુલસીને ઉમગ્યા અંગોઅંગ. ૧૯
આધિદૈવિક સ્વરૂપે જે નિત્ય રહે પ્રભુને સંગ,
આધિભૌતિક સ્થળે આવ્યાનો અતિશય મનમાંહાં રંગ. ૨૫

શ્રીગોકુલ-ગોવર્ધન-વ્રજ-વન-ઉપવન નામ,
યમુનાજી સહિત સહુ પધારે નિજધામ. ૨૬

આમ ભૂમિ પરનાં સ્થળોમાં તેનું ભગવદ્સંબંધી આધિદૈવિક સ્વરૂપ બિરાજ્યું, કારણ કે ભૂમિ પર રહી આધિદૈવિકોને સેવા કરવાની હોંશ હતી. આથી શ્રીગોકુલની ભૂમી નિર્દોષ બની વૈકુંઠ કરતાં અધિકતર થઇ. સકલ સૃષ્ટિના કર્તા બ્રહ્મા છે પરંતુ આ શ્રીગોકુલ એ સૃષ્ટિ માંહેનું નથી. અને તે તો નિત્ય છે. બ્રહ્માની સૃષ્ટિ કાળને આધીન છે. અને તે સૃષ્ટિને માયાનો સંગ છે અને તેથી પ્રપંચવાળી છે. જ્યારે આ શ્રીગોકુલ તો પ્રપંચ રહિત અને લૌકિક માયા કે કર્મથી અગમ્ય છે. વૈકુંઠથી પણ તેનો મહિમા આધિક છે. જે સ્વાર્થી સૃષ્ટિ છે તેને સિંચન કરવા આવા શ્રીગોકુલમાં દુલેહરાય ઘોડા પર સવાર થઇને પધારી રહ્યાં છે. તેથી કવિ કહે છે કે પ્રભુ પધારવાથી વૃક્ષ હતાં તે નવ પલ્લવિત થયાં. સાથેજ શ્રીવ્રજમંડલનું સ્વરૂપ પણ સમજાવતાં ભક્તિ કવિ ગોપાલદાસભાઇ વ્યારાવાળા કહે છે કે:

વૃક્ષ તે નવપલ્લવ હવાં પલ્લવ કુસુમ સમોહ,
કુસુમિત તે ફલયુત થયું ફળ હવાં રસ સંદોહ. ૭૪
મધ્ય દેશ તણું મધ્ય તે અવનિ ઉરસ્થલ ભક્ત,
તે પર વ્રજમંડલ કમલાકાર અવ્યક્ત. ૯૨
ત્યાંહાં બિરાજે નિરંતર જ્યોતિ તણો નહીં પાર,
રૂપ-વચન-લાવણ્યામૃતે દ્રવિત હોએ રસસાર. ૯૩
તે કલા જોઇ ભક્ત સમુદ્રને વાધે રંગ,
રસભર ઉર અતિ ઉલટે ને ઉલટે સરવાંગ. ૯૪
વનસ્પતિ-વન-અવનીય-ભક્તનાં ઇન્દ્રિયો-દેહ,
સ્વરૂપાનંદે રસેભરી આનંદિત કરે તેય. ૯૫

આ મુખ્ય રમણ સ્થળ શ્રીગોકુલની સમયની શોભા વર્ણન કરતા ભક્ત કવિશ્રી કહે છે કે શ્રીયમુનાજી અંતરંગ રસથી ભરપૂર થઇ સંપૂર્ણ શ્રૃંગાર કરી લહેરી રૂપે સન્મુખ થઇ શ્રીચરણસ્પર્શ કર્યા છે. બન્ને કીનારા જલથી ભરપૂર છે, અનેક કમળ ખીલ્યા છે. વળી સારસ, હંસ, ચકોર, ચકવાક વગેરે પક્ષીઓ ઉમંગથી પરસ્પર આલિંગન કરે છે. મંદ મંદ મેઘની ગર્જના થઇ રહી છે. બપૈયો પીયું પીયું કરી રહ્યો છે અને બગલાઓની હારમાળા ઉપર અંતરીક્ષમાં આમથી તેમ અને તેમથી આમ ચક્કર લગાવી રહી છે. ભૂમિએ

જાણે લીલી સાડી પહેરી હોય તેમ બધે લીલોતરી છવાઇ રહી છે. વૃક્ષો નવપલ્લવિત થઇ રહ્યાં છે. અને ભમરાઓ ગુંજાર કરી રહ્યા છે. પવન પણ જાણે કે નમી નમીને પ્રણામ કરતો હોય તેમ વાયું ઢોળી રહ્યો છે.

આમ સકલ પ્રકૃતિ પણ આનંદમય થઇ શ્રીદાદાજીનું સ્વાગત કરતા તત્પર ઊભી છે.

સર્વ શક્તિ સામર્થ સર્વ સેવાનું કોડ,
સન્મુખ સહુ ઊભા રહ્યા મોદ ભર્યા કર જોડ.
ચૌદ લોક બ્રહ્માંડ સકલ દસ દીસે પ્રચાર
વિસદ ક્યાં લગી કહીએ આનંદનો નહીં પાર.

શ્રીદાદાજીના પ્રાગટ્ય પહેલા શ્રીગોકુલમાં ફક્ત શ્રીયમુનાજી વહેતા હતા અને શ્રીગોકુલ એક આરણ્ય-જંગલ જેવું હતું. ખાસ વસ્તી નહોતી. પછી શ્રીઆચાર્યજી દર વરસે અહીં પધારી શ્રીગોકુલની સેવા યોગ્ય સજાવટ કરતાં હતા. આ સમયે ફક્ત ૫ જણા હિન્દુઓ જેમાં કેશવ નામે પીતા પુત્ર અને તેમની પત્નીઓ ઉધા અને કમલા, તથા એક માલણ રહેતા હતાં. પછી તો શ્રીગોકુલની સમૃદ્ધિ ખૂભ ફૂલીફાલી તે બતાવવા શ્રીદાદાજી સ્વમુખે આજ્ઞા કરે છે:

તે માટે શ્રીપ્રભુએ વચન મહાં સુખરાશ
હમારે આયે પાછે ભયો સબહીનકો ઇહાં વાસ.

શરૂઆતમાં ડેરા તંબું બાંધી સામગ્રી સિદ્ધ કરી શ્રીયમુનાજીને ભોગ સમર્પ્યો, તેનું કારણ શ્રીયમુનાજીમાં ઇર્ષા નથી અને શ્રીદાદાજી સાથે જીવનું ઐક્ય સિદ્ધ કરે છે માટે તથા લીલા સમાજના પરમ વરેશ છે તેથી.

શ્રીગુસાંઇજીએ માર્ગ પ્રણિત કર્યો પ્રગટ પ્રતાપ
પ્રથમ શ્રીયમુનાજીને ભોગ સમર્પ્યો આપ.
લીલા સમાજ વિષે પ્રભુના લહી પરમ વરેશ,
ભાવ સપત્ની જનિત જેને કાંઇ નહીં ક્લેશ.
એતદ ભાવાપન્ન પરસ્પરે ઐક્ય અનુપ,
એહવું લઇ શ્રીગુસાંઇજીએ જમુનાજીનું રૂપ;
સેવાને સંગ જે કો કરે અનુસરે એહને કોય,
સ્વકીય સમાજે પરસ્પર ઐક્યતા તેનોને હોય.

શ્રીયમુનાજીનું આવું અલૌકિક સામર્થ જાણી પ્રથમ ભોગ સમર્પ્યો છે. ભોગ ધરાવતી વખતે મિસરીનો કાચનો કુપો તૂટી ગયો તેના કાચના ટુકડા કોઇ વૈષ્ણવે શ્રીયમુનાજીના કિનારે ફેંક્યા હતાં. આ જોઇ શ્રીગુસાંઇજી ધ્રુજી ઊઠ્યા અને તરતજ આપશ્રીએ ઊભા થઇ તે ટુકડા ભેગા કરી બીજી જગ્યાએ નાખ્યાં અને તે સેવક ઉપર કૃપા-રોષ કરી આજ્ઞા કરી કે તે શ્રીયમુનાજીનું સ્વરૂપ નથી જાણ્યુ તો પછી શ્રીવલ્લભના(શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ, જેમનું ઘરનું નામ શ્રીવલ્લભ છે) સ્વરૂપને કેમ જાણીશ ?

નોંધ:- આ ઉપરથી આપણે સૌએ પણ શિક્ષા લેવાની છે, કે જ્યારે આપણે મથુરા, શ્રીગોકુલ વગેરે શ્રીવ્રજભૂમીના દર્શને જઇએ ત્યારે કેટલો ગંદવાડ શ્રીયમુનાજીમાં નાંખીએ છીએ તેનો વિચાર કરવો જોઇએ, અને નેમ લેવો જોઇએ કે આપણે આવું ન કરીએ. શ્રીયમુનાજીને સ્વરૂપાત્મક ન જાણીએ અને કેવળ નદી તરીકે માનીએ તો પણ તેમાં ગંદકી કરવી ન જોઇએ. જો નદીઓ આ ભૂતલ ઉપર ન હોય તો જીવમાત્રનું જીવવું અશક્ય બની જાય, તેથી પણ નદી આપણી જીવાદોરી છે. આજકાલ ઘણા ખરા મૃત શરીરના ફૂલ (હાડકા) પણ શ્રીયમુનાજીમાં પધરાવા આવે છે. આણાથી ઘૃણાજનક બીજું કયું કાર્ય હોઇ શકે ?

ભોગ સરાવી શ્રીગુસાંઇજીએ શ્રીદાદાજીને પ્રસાદ લેવા બોલાવ્યા. શ્રીદાદાજી સ્નાન નિમિત્તે શ્રીયમુનાજીને સ્પર્શ કરાવી તેનો પરિતાપ હરવા પધાર્યા છે. શ્રીયમુનાજી અને આપશ્રી ઉભયે સુખનો અનુભવ કર્યો. પછી શ્રીદાદાજીએ પ્રસાદ ગ્રહણ કર્યું.

શ્રીગુસાંઈજી શ્રીદાદાજી અને અન્ય પરિવાર જનો સાથે સંવત ૧૬૨૨માં શ્રીગોકુલમાં વસવા આવ્યા તે પહેલાં શ્રીગોકુલ નિર્જન વન હતું. તેનું વર્ણન કરતાં શ્રીદાદાજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી શ્રીગોકુલ પધારતા તેથી તેમના કોઠાની-ગાયોની સંભાળ રાખવા બેચાર માણસો રાખ્યા હતાં.

પ્રથમ ઈહાં ઈતને વસે ઓર કોઉ નહીં પાસ,
હમારે આયે પાછે ભયો સબહિનકોં યહાં વાસ.૧૨૧.

શ્રીપ્રભુ અને શ્રીયમુનાજીનાં સ્વરૂપ એકસરખાં છે, આથી જે કોઈ શ્રીયમુનાજીનું પય-પાન (સેવન) કરશે, તેમને ભગવાન અને ભક્તોનાં સ્વરૂપનું જ્ઞાન થશે.

સેવન સંગ જે કો કરે અનુસરે એહોને કોય,
સ્વકીય સમાજે પરસ્પર ઐક્યતા તેહને હોય. ૧૩૩
સ્વમાર્ગ સાધન એહ સ્વકીય જ્ઞાપન અર્થ,
પ્રભુએ સુરતી ઉપજાવે પોતાને સામર્થ. ૧૩૪

હવે જન્માષ્ટમી આવી, તે વખતે શ્રીગુસાંઈજી શ્રીદાદાજી સાથે શ્રીગોવર્ધનમાં હતા, તેથી નન્દમહોત્સવ શ્રીગોકુલમાં શ્રીગિરધરજીએ કર્યો. તે વખતે મહાવનથી કેટલાક તે ઉત્સવ જોવા આવ્યા હતા, તેમને દહીંથી છીરક્યા, ત્યારે મોટો કજીયો થયો. શ્રીગુસાંઈજીના પરિવાર સાથે દ્વેષ કરવા લાગ્યા. હવે શ્રીગોવર્ધનથી શ્રીગુસાંઈજી અને શ્રીદાદાજી સાથે પધર્યા અને આ વાત જાણી ત્યારે બહુ સંતાપ પામ્યા. હવે આ લોકો અહીંયા ચોરી કરવા લાગ્યા. આથી શ્રીગુસાંઈજીને શ્રીગોકુલમાં વસવાનું માંડી વળ્યુ.

ત્યારે શ્રીગુસાંઈજીને એમ આવ્યું મનમાંહી,
બાલક સમ્રધ (સમૃદ્ધિ) સહિત રહેનો ઈહાં ઉચિત નાંહી. ૨૧૮
બડો નગર મથુરા હે તાહમોં જાય રહીયે,
સંમત કીધો એહ ક્લેશ કાહેકું સહીએ. ૨૧૯

ત્યારે મહાવનના ચૌધરીઓએ શ્રીગુસાંઈજીને મથુરા ન જવા બહું વિનવ્યા અને એ ચોર લોકોને દેશાધિપતિ પાસે શિક્ષા કરાવવાનું કહ્યું પણ શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે આટલી બધી ઝંઝટ અમારે નથી કરવી અને મથુરા રહેવા જવાનો નિર્ધાર કર્યો. આ તો લૌકિક કારણ હતુ.

એ સ્વરૂપ તો દ્વિદલ રસ સ્વરૂપ આત્મિક સ્વરૂપ,
ગોકુલ પધારે ગોકુલને પ્રગટ્યો મોદ અનુપ. ૨૨૭
પણ આરત જનિત એહોને પ્રગટ્યો નહીં પરિતાપ,
આધિદૈવિક સ્વરૂપે સંગ હતું જે આપ. ૨૨૮
જ્યાંહાં લગી શ્રીગોકુલને જ તાપ નવ પ્રકટ થાએ,
તો એહો સમંધી પરિકરને એ રસ અનુભવ કેમ થાએ ? ૨૨૯
તે માટે ભક્તને જે શ્રીગોકુલને કાજ,
વિરહાનુભવ કરાવવા એ લીલા કરી મહારાજ. ૨૩૦
તાપાત્મિક સ્વરૂપ એ વિરહ કરી હોયે પ્રાપ્ય,
સાધનને નહીં સાધ્ય, નહીં માહાત્મ્ય નહીં જાપ્ય. ૨૩૪

અલૌકિક કારણ તો એ હતું કે શ્રીદાદાજી શ્રીગોકુલ પધાર્યા તેથી શ્રીગોકુલને અતિસે મોદ થયો છે. પરંતુ આરતજનિત પરિતાપ થાય નહીં ત્યાં સુધી રસ અનુભવ ના થાય માટે તેને વિરહ કરાવવા મથુરા જવાનું નક્કી કર્યું છે. મનમાં એમ આપણને આવે કે શ્રીદાદાજીના વચનામૃત છે કે *જહાં હમ, વહાં ગોકુલ*,

તો શ્રીગોકુલ સાથે કેમ ન જાય ? વાત બરાબર છે, જ્યાં શ્રીગોકુલેશપ્રભુ ત્યાં તો અવશ્ય શ્રીગોકુલ હોય જ. પણ મથુરા તો મુક્તિપુરી છે, તેથી શ્રીગોકુલ અહીં ન પધારે. મથુરા મર્યાદા છે અને ગોકુલ પુષ્ટિ સ્વરૂપ છે તેથી આ બન્નેનો કદી સંયોગ ના થાય અને તેથી ગોકુલ સાથે નથી પધાર્યું.

મુક્તિપુરી મધ્ય નાહીં પધારે આદી ને અંત,
મર્યાદાને પુષ્ટિ છુએ નહીં એ સિદ્ધાંત.
એ માટે મથુરામાં ગોકુલ નહીં પધાર્યું,
મુક્તિપુરીમાં ના આવ્યું મનમાં એહી વિચાર્યું;
મુક્તિને અને વલી ભક્તિને નાંહીં કાંઇ રંચસંબંધ.
સાધન જે ફલ સિદ્ધ ત્યાં રસની નહીં ગંધ.

રસના અનેક પ્રકાર છે પરન્તુ પૂર્ણ રસાસ્વાદ તો ત્યારે જ થાય કે જ્યારે અસહ્ય વિપ્રયોગ થાય. આમ આ કારણ છે અને વળી બીજું કારણ એ છે કે શ્રીગોકુલલીલા રહસ્ય સ્થળ છે તેથી તેનું જ્ઞાન સિવાય બીજાને નથી થવા દેવું અને ત્રીજું કારણ એ પણ છે કે મુક્તિપુરી મથુરાનો પણ અભિલાષ પુરણ કરવો છે. આ બધા કારણથી હવેશ્રીગોકુલથી મથુરા નિવાસ માટેનું મુહૂર્ત લીધું છે.

આમ શ્રીગોકુલમાં ૮૪ દિવસ બિરાજી અને ૮૪ પ્રકારના ભાવવાળા ભક્તોને વિવિધ પ્રકારનું દાન કર્યું અને મથુરા જવા માટે મુહૂર્ત લીધું તો વિ.સં. ૧૬૨૩ને કારતક સુદ ૧૦ આવ્યું. પણ આ દિવસ શ્રીગુસાંઇજીને ઠીક ન લાગ્યો કારણકે તીર્થમાં જવાના દિવસે ઉપવાસ, બીજે દિવસે પ્રબોધની એકાદશીનો ઉપવાસ. આમ બે ઉપવાસ આવવાથી પ્રબોધિનીએ જવાનું નક્કી કર્યું. એટલે પછી કારતક સુદ ૧૧ના શ્રીગોકુલથી મથુરા જવા વિજય કર્યો. અને શ્રીગોકુલમાં રામદાસ નામના બ્રાહ્મણને મૂક્યા. આપણે જ્યારે સેવ્યને સાથે પધરાવીને બહારગામ જવાનું થાય ત્યારે આ બધો વિચાર કરીને પ્રવાસનું આયોજન કરવું જોઇએ.

મથુરામાં ૬ વરસ ૩ માસ અને ૧૧ દિવસ બિરાજી વિ.સં. ૧૬૨૯માં શ્રીગોકુલ દૃઢ વાસ કર્યો છે. આ ૬ વર્ષના મથુરા નિવાસ દરમ્યાન શ્રીદાદાજીનો વિવાહ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. એ પ્રસંગનું પાન લગ્નના પહેલાના દોઢ (૧।।) વર્ષની મથુરા લીલાના દર્શન કરીએ.

હવે શ્રીગુસાંઇજી મથુરા નિવાસ કરવા પધારે છે તે વાત વૈષ્ણવોએ જાણી. તેમાંના એક કપૂરદાસ ક્ષત્રી વૈષ્ણવ બહુ ભલા હતા. તેમણે પોતાની હવેલીમાં સેવા માટેની સર્વ સગવડ કરાવી રાખી હતી. તે

હવેલી શ્રીગુંસાઇજીને સમર્પી. વળી શ્રીગુસાંઇજીનો પરિવાર બહું મોટો, તેથી આપશ્રીએ કેટલીક જમીન વેચાતી લીધી અને આ વિશાળ જગ્યામાં એક પ્રકારની સગવડ કરવામાં આવી. હવે ૬ ભાઇઓ ઘોડેસ્વાર થઇ શ્રીગુસાંઈજી સાથે શ્રીગોકુલથી વિદાય થયા. આ વખતે પાલખીઓ, વાહિનીઓ, ગાયો-ઘોડા-ગોવાળો અને સમાજ ઘણો મોટો સાથે હતો. જ્યારે મથુરા નજીક પધાર્યા ત્યારે ઉજાગર ચોબે વગેરે તથા ચૌધરીઓ અનેક જનસમાજ આપશ્રીના સત્કાર માટે સામે આવ્યા. આ વખતનું ભવ્ય દ્રશ્ય એક રાજાની જાન જેવું હતું.

હવે મથુરાનું ભવ્ય વર્ણન એવું અનિર્વચનીય છે. મથુરા મહાનગર છે. શોભીતા વિશ્રાંત ઘાટ છે. શ્રીકેશવરાયજીનું પ્રાચિન મંદિર છે. રાજમાર્ગો વિશાળ અને વચ્ચે વચ્ચે ચોક અને ચૌટા છે. જનસમૂહના મહાલયો પણ મોટા અને ઊંચા તથા અટાલી અને ઝરોખા વાળા છે. દરેક ઘર ઉપર ધ્વજા પતાકા લહેરાય છે. ઘરે ઘરે વાજીંત્રો વાગે છે. અને શ્રીકૃષ્ણજન્મ સ્થાનેથી ઘડીયાલ સમયે સમયે ડંકા વગાડી મથુરાવાસીઓને સમયનો ખ્યાલ આપે છે. નગરી આવી અદ્ભૂત તો છે, અને તેમાં વળી શ્રીગુસાંઇજી વૈભવ સાથે પધાર્યા તેથી તેની શોભા ઘણી વધી ગઇ.

મહાનગર નિરુપમ સુંદર સોહે શોભિતા ઘાટ વિશ્રાંતજી,
કેશવરાય જ્યાંહાં ત્યાંહાં રાજે, સદા આદિથી પ્રાંતજી. ૨૨.૫૨
ચોહો ફેર વિશાલ ચોક ચોહોટાં અને સુંદર ઉજ્જવલ ધામજી,
ચિત્ર વિચિત્ર અટાલી ઉંચી અતિશય સ્થલ વિશ્રામજી. ૨૨.૫૩
કામ ક્રોધ લોભ મોહ મચ્છર અહંકાર જે દોષજી,
એ છય ઉરમાંહો બાધ(ન) કરે જ્યાંહાં એહો સ્થલ નિર્દોષજી. ૨૨.૫૫
જન્મસ્થલ ઘડીઆલુ બોલે કરે જગતને જાણજી,
આઠ પ્રકાર દાને ભરવા જે સુકૃત્ય તણાં નિશાણજી. ૨૨.૫૭
એહવી માહા મહિમાયુત મધુપુરી અનેક ગુણ આરાધજી,
ગોકુલપતિએ અલંકૃત કીધી તેથી શોભા વાધીજી. ૨૨.૫૮

આવી રમણીય મથુરાનગરી શ્રીદાદાજીના પધારવાથી અતિશય શોભા પામી. આ શોભા દેખી દેવો સાથે નારદજી, શુક શનકાદિક આશ્ચર્ય પામ્યા.

હવે મથુરામાં સ્થિરવાસનો કરી શ્રીગુસાંઇજી ફરીથી શ્રીદાદાજીનો અભ્યાસ શરૂ કરાવ્યો. તેથી દક્ષિણના પંડિતરાજ શિવદત્તને ઘેર આપશ્રીને ભણવા જવા લાગ્યા. શ્રીદાદાજી ગુરુને ઘરે ભણવા જવા લાગ્યા. અહીં ગુરુ ભણાવે તે શ્રીદાદાજી એકચિત્તે સાંભળે. પણ સાસ્ત્રમાં મન લાગે નહીં.

વલસો ત્યાંહાં શિવદત્ત ભટ્ટ દક્ષિણનો પંડિત રાજજી.
શ્રીગુસાંઈજીએ પ્રભુ પધરાવ્યા શાસ્ત્ર ભણવા કાજજી. ૨૨. ૭૦
મહાવિચિક્ષણ વલ્લભવર વહાલો ભટ્ટઘર ભણવા આવેજી,
આદરશું અતિ ઘણો હેત કરી શાસ્ત્ર સિદ્ધાંત ભણાવશેજી. ૭૧
ગુણનિધાન મહાપ્રભુએતણે મન શાસ્ત્ર વિષે રુચિ થોડીજી,
યથા માત્ર ભણે પોતે ગુરુ આગલ પોથી છોડીજી. ૭૨
વ્યાખ્યાન ભણીને વલીયા વેગે ઉમંગ અનુપમ ભરીયાજી,
સમાનવયે વિદ્યાર્થી સાથે લરિકામાંહાં પરવરિયાજી. ૭૩
પોથી પરમ સોહામણી શ્રીકર માંહાં સોહેજી,
લહેદાર બાંધણું અતલસી હોદ હાંસિયા જેહજી. ૭૪
નિવાર રેશમી અતિશય સુંદર સોહે પચરંગ ચિત્રજી,
બાંધી કોડ કરીઅ તેહ તે ફરતીય ભાંત્ય વિચિત્રજી. ૭૫

ઘરે આવીને તો શ્રીભાગવત જુએ છે. સાથના વિદ્યાર્થીએ આ વાત જોઇ અને ગુરુને કહ્યું કે શ્રીવલ્લભ તો ઘરે કાંઇ પાઠ નથી કરતા અને બીજું જ કાંઇ વાંચે છે. ગુરુએ પરીક્ષા લેવા શ્રીદાદાજીને પુછ્યું કે કાંઇ પાઠ બોલશો? જ્યારે શ્રીગુસાંઇજી પુછશે ત્યારે શો ઉત્તર આપશો? શ્રીદાદાજીએ ગુરુના પુછેલા સર્વ પ્રશ્નોના બરોબર ઉત્તર આપ્યા. ગુરુ ઉત્તર સાંભળીને ખૂશ થયા અને પેલા ચુગલખોર વિદ્યાર્થીઓ પર ખીજે છે અને કહે છે કે તમે લોકો જુઠ્ઠુ બોલ્યા. શ્રીવલ્લભને તો બધા પાઠ આવડે છે.

અતિ પ્રસન્નતા સહિત ભણીય ને પોધારે એમ નિત્યજી,
આસપાસ બાલક તે મધ્યે ચાલતા શોભે અનંત્યજી. ૭૮
વલતા ભવન પધારી શ્રીભાગવતના ભાવ સંભારેજી,
વારંવાર રસ અનુસંધાને રસભર એજ વિચારેજી. ૮૫
બીજે સાથ તેણે લરિકે દીઠા એહ પ્રકારજી,
તેણે જઇ ગુરુની આગળ સહુ કહ્યું તે તેણી વારજી. ૮૬

તમારૂ ભણાવીઉ ભણતા નથી તે એક લગારજી,
બીજી પોથીએ પાઠ કરે છે પોતે ભવન મંઝારજી. ૮૭
તે સુણી ગુરુ મહાપ્રભુએ પુછ્યું કંઠ પાઠ કાંઇ લેસોજી,
શ્રીગુસાંઇજી પૂછે તે પછે ત્યારે શું કહેશોજી ? ૮૮
ક્યારે તેહને કંઠપાઠ કરી દેખાડ્યો સહુઅજી,
તે સુણી લરિકાને ખીજે ને આનંદ પામે બહુઅજી. ૮૯
વલતા તે એણી પેરે બોલ્યા ભણવાનું શું કહીએ જી,
નથી ભણતા તે તો અમો જાણું છું કારણને શું લહીએજી. ૯૧

અન્ય વિદ્યાર્થી કહે છે કે નથી ભણતાં તે હું બરાબર જાણું છું છતાં બધા પાઠ આવડે છે તેનું કારણ મને ખબર નથી.

એક દિવસ ગુરુને આશ્ચર્ય થાય છે. તે અચાનક શ્રીગુસાંઇજીને ઘરે શ્રીવલ્લભના અભ્યાસને જોવા ગયા. ત્યાં તો પોતાના વિદ્યાર્થીને શ્રીભાગવત ભણતાં જોયા. ગુરુનો ગર્વ ઓગળી ગયો અને શ્રીવલ્લભને દંડવત્ કર્યા. પછી શ્રીગુસાંઇજી પાસે આવીને દિનતાથી વિનંતી કરે છે કે વેદ, શાસ્ત્ર અને શ્રીભાગવતનું પ્રકટ સ્વરૂપ આ તમારો ભગવદ્-આત્મજ શ્રીવલ્લભ છે, તેને હું શું ભણાવું ? એમને અભ્યાસ કરાવવાનું કોઇનું સામર્થ્ય નથી.

વલતો ગુરુ વિસ્મય થઇ અને ઉપન્યો મનમાંહે સંદેહજી,
એકાંતે છાનો જે પોતે રહ્યો તે સુણવા એહજી. ૯૨
જુએ તો શ્રીભાગવત પઢતા પ્રભુજી દીઠા એણેજી,
એહવું જોઇ મનમાંહાં વિચારી આશ્ચર્ય પામ્યો તેણેજી. ૯૩
ગર્વરહિત ગુરુ ચરણે લાગ્યો પ્રભુને કરીય વિવેકજી,
કારણરૂપ સ્વરૂપ તમારું એમ એ સ્તુતિ કરી અનેકજી. ૯૪
વલતો ઉલટભેર આવ્યો તે શ્રીગુસાંઇજી પાસેજી,
કહે *વેદ શાસ્ત્ર શ્રીભાગવતે એ ઘેર કર્યો નિવાસજી.* ૯૫
એહને હુઅ તે શુંઅ ભણવું એ કો કારણ રૂપજી,
એહવા વચન કહી વલીયો દીધી આસીસ અનુપમજી. ૯૬

શ્રીગુસાંઈજી તથા શ્રીશોભા બેટીજી આ સાંભળી ઘણાં પ્રસન્ન થયા, અને શ્રીગુસાંઈજી ત્યાં આજ્ઞા કરે છે કે:-

શ્રીમુખ વચન કહ્યાં છે *જબહમ પઢીયે મથુરા માંહાંજી,*
ઓર શાસ્ત્ર પઢીવે ઉપર હમહું રૂચી નાંહીજી. ૯૮
હમ શાસ્ત્ર પ્રકાર સહજહી આવડે નીકે કરીયજી,
હા-એક વેદ માત્ર હમ પઢી હે ઉપાધ્યાયપેં ચિત્ત ધરીયજી. ૯૯
શ્રીભાગવત હમ કાહુ પાસે પઢે નહીં એ નિરધારજી,
રઘુનાથે કહ્યોં કાકાયે પઢીયે આપુન એકવારજી. ૧૦૦

માત્ર વેદનો અભ્યાસ ઉપાધ્યાય પાસે કર્યો. બાકી શ્રીભાગવત તો કોઇ પાસે નથી ભણ્યા. નાનાભાઇ શ્રીરઘુનાથજીએ કહ્યું કે તો શ્રીગુસાંઇજીને પરિશ્રમ નથી આપવો. જ્યાં નહીં સમજાય ત્યાં એકાંતમાં જઇને પુછી જોઇશ. પરંતુ પછી એવો પ્રસંગ ઊભો નથી થયો તેમ શ્રીદાદાજી કહે છે. આગળ એમ પણ આવે છે કે શ્રીબાલકૃષ્ણજી (શ્રીદાદાજીના મોટાભાઇ) મારી પાસે શ્રીભાગવત ભણ્યા છે.

મેં કહ્યો શ્રીગુસાંઈજીકું શ્રમ કાહેકું કરવાયેજી,
એહ જાણી એકાંત દેખીએ સંદેહ તહાંસું ના હોયેજી. ૧૦૧
પાછે તો ભગવદ્ ઈચ્છાએ પડ્યો પુછવો નાહીંજી,
બાલકૃષ્ણ તો મે હી પઢાવ્યો એમ બોલ્યા રસમાંહીજી. ૧૦૨

શ્રીદાદાજી જેમ ભણવામાં વિચક્ષણ હતા તેમ માનવનેત્રના સ્વભાવના પણ કુશળ પરીક્ષક હતા. એક વખત આપશ્રી શ્રીગિરધરજી સાથે વિશ્રાંત ઘાટે સ્નાનાર્થે પધાર્યા હતા. ત્યાં એક જોગણીના વેષમાં એક વ્યક્તિ ઊભી હતી. તે દેખી શ્રીગિરધરજી બોલ્યા કે આવો સારો છોકરો ને તેને આવો વેષ ધરાવી તેનું જીવન નાહક બગાડ્યું ! આ સાંભળી શ્રીદાદાજીએ કહ્યું :

એ તો સ્ત્રી હે, લરિકા નાહી, દાદાશું કહ્યો મેં એશોજી. ૧૧૫
તબ દાદાને મોકું પુછ્યોં તુમ સ્ત્રી કરયોં કરી જાણીજી ?
ચિત્તવની કહે દેત હે ઈનકી, યાહી મેં પહેચાનીજી. ૧૧૬

શ્રીગિરધરજી પુછે છે કે તમે કેમ જાણ્યું કે આ સ્ત્રી છે? ત્યારે શ્રીદાદાજી કહે છે કે વસ્ત્રો ભલે પુરુષના પહેર્યા પણ તેની ચીતવની અને તેના નેત્રનો ભાવ કહે છે કે તે સ્ત્રી છે. આ જોગણી માટે શ્રીદાદાજી આજ્ઞા કરે છે :-

તરૂણ હતી દેખતકી સુંદર એમ બોલ્યા રસ ભેરજી
નારી નેત્ર પરીક્ષક સુંદર ચતુર રસિક બહુ પેરજી;
નેત્ર દ્વારા એના જોબનનો કર્યો તે અંગીકારજી,
જેહના ભાગ્ય તણું શું કહીએ કહેતા ન આવે પારજી.

આવી લૌકિક વાતો કરવામાં પણ હેતુ તો એ છે કે લૌકિક જીવોને સન્માર્ગે વાળવાનો હતો. આમ નિત્ય નૌતમ લીલા કરતાં જન્માષ્ટમી ઉત્સવ આવ્યો. મથુરામાં શ્રીદાદાજીનો સમય સેવા વેદાધ્યયન શ્રીભાગવત મનન તથા બીજી પ્રવૃત્તિઓમાં પસાર થતો હતો. ત્યાં એક વખત શ્રીગુસાંઈજી તો જન્માષ્ટમીના ઉત્સવ ઉપર શ્રીગોવર્ધન પધાર્યા છે. અને અહીં અચાનક એક પ્રસંગ બને છે તે જોઈએ. શ્રીગુસાંઈજીના સેવક રાજા ટોડરમલ, બીરબલ વગેરે મોગલ સરદારો મથુરા દર્શન માટે આવ્યા હતાં. અક્બરની નીતિ સર્વધર્મ સમ્ભાવની હતી તથા દિલથી તે વૈષ્ણવ હતો તેથી ઘણી વખતે કહેતો કે :-

જન્માષ્ટમી કું અકબર સબ કાહુ કું આજ્ઞા દેતોજી,
વહાં ન ગયો સો હિન્દુ કાહેકો સબસું યોં કહી કહેતોજી. ૧૪૯
સોઇ રાજા જો ધર્મ પ્રવર્તે અરૂ દે સબનકું શિક્ષાજી,
રાજાહિતે ધર્મ રહે અરૂ કરે ધર્મકી રક્ષાજી. ૧૫૦

જન્માષ્ટમી નિર્ણય :-

આમ અકબર *ધર્મો રક્ષતિ રક્ષતઃ* જે લોકો ધર્મની રક્ષા કરે છે તેમનું ધર્મ રક્ષણ ધર્મ કરે છે એમ નીતિમાં માનતો. તેથી પોતાના સરદારોને ધર્મ પાલનમાં પ્રેરતો, અકબર પોતાના હિન્દુ અમલદારોને જન્માષ્ટમીના દિવસે મથુરા મોકલતો. તેથી ટોડરમલ રાજા પણ મથુરા ગયાં હતા. અને રાજા ટોડરમલને અકબરે મળવા મથુરામાં બીરબલ તેના નિવાસે ગયા. જન્મે, ધર્મે મોગલ છતાં કેવો ધર્મપ્રિય રાજા છે. જન્માષ્ટમીના જે હિન્દુ મથુરા ન જાય તેની ગણના અકબર હિન્દુમાં નહોતો કરતો.

બાદશાહ અકબરના બે મુખ્ય પ્રધાન ૧. બીરબલ અને ૨. રાજા ટોડરમલ. બન્ને આ ઉત્સવ પર મથુરા આવ્યા છે. ટડરમલ તો શ્રીગુસાંઈજીના ઘરને અનુસરે છે જ્યારે બીરબલ અંતરથી શ્રીગુસાંઈજીને

અનુસરતો નથી. (આ પ્રસંગ આપણને ગઢાના પ્રસંગથી સમજાય શકાય). જન્માષ્ટમીના દિવસે રાજાને ઘેર બીરબલ પાન ખાતો આવ્યો છે. આ જોઈને ટોડરમલ બીરબલને પુછે છે કે વ્રત નથી કર્યું ? બીરબલ કહે છે કે વ્રત તો ગઈકાલે થયું. રાજા ટોડરમલ કહે છે કે તમે તો શ્રીગુસાંઈજીને અનુસરો છો અને શ્રીગુસાંઈજીના ઘરે તો આજે જન્માષ્ટમી છે તો તમે ગઈકાલે કેમ કરી ? બીરબલ કહે છે કે પંડીતોએ નિર્ણય કર્યો તે ઉપરથી અમે ગઈકાલે વ્રત કર્યુ હતું. રાજા કહે છે કે શ્રીગુસાંઈજીના ઘરના વગર સમજે આજે વ્રત ના જ કરે. બીરબલ કહે છે કે વગર સમજે તેઓએ આજે વ્રત કર્યું હશે.

જન્માષ્ટમી કે દિન કું બીરબલ રાજા કે ઘર આયોજી,
પાન ખાતાં દેખ્યો રાજાને, તબ એહ પ્રસંગ ચલાયોજી. ૧૫૧
વ્રત તો આજ પાન ક્યોં ખાયે કહા વિચાર તુમ કીનોજી,
હમતો કરી કાલ જન્માષ્ટમી ઉત્તર વેસો દીનોજી. ૧૫૨
તબ રાજાને ફેરિ કહ્યો અરૂ બોહોત શીક્ષા દીનીજી,
તુમ તો હો શ્રીગુસાંઈજી કે સેવમ તુમ કાલ કયોં કીનીજી ? ૧૫૩
તબ બીરબલ ઉત્તર દીનો પંડીત નિર્ણય કીધોજી,
તા ઉપર હમ કાલ કરી હે જેસો સંમત લીધોજી. ૧૫૪
શ્રીગુસાંઈજી કે ઘરની સબે, આજ ઉપવાસ ક્યોં કીનોજી ?
વિન જાન વે કરત હોઈગો, વિમુખે ઉત્તર દીનોજી. ૧૫૫
તબ રાજા બોલ્યો ઉનસો એસો કાંઇ કહેત વાતજી,
શ્રીગુસાંઈજી કે ઘર વિન સમુજે, ક્યોં કરી કરે યો ભાંતજી. ૧૫૬
શ્રીગુસાંઈજી ઈશ્વર હે, અરૂ શાસ્ત્ર પઢે હે સોયજી,
મહાપંડિત હેં, ઈનકે ઘર વિનુ-સમુજે કૈસે હોયજી ? ૧૫૭

ટોડરમલ કહે છે કે શ્રીગુસાંઈજી તો ઈશ્વર છે, વળી તેઓ શાસ્ત્રો જાણે છે. મોટા મોટા પંડિતો તેમને ઘરે હોય છે, તેથી વિના સમજે તેઓએ આજ વ્રત કર્યુ તેમ માનવું યોગ્ય નથી. માટે આજે જ શ્રીગુસાંઈજીને ત્યાં બધા મળીને નિર્ણય કરવો જોઈએ.

પછી રાજા બીરબલે પોતાનો એક દીકરો તથા પંડિત મોકલી સભામાં જન્માષ્ટમી નિર્ણય માટે પંડિતોને કમલાકર ભટ્ટને ત્યાં બોલાવ્યા. રાજા ટોડરમલે પણ પોતાના માણસ શ્રીગુસાંઈજીને ત્યાં

બોલાવવા મોકલ્યાં. પણ શ્રીગુસાંઈજી તો શ્રીગોવર્ધન બીરાજતા હતા. શ્રીગિરધરજી કાંઇ નિર્ણય નથી કરી શકતાં. શ્રીદાદાજી કહે છે કે સભામાં જવું જોઇએ. પછી શ્રીગિરધરજી અને શ્રીદાદાજી શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર સેવક, વડનગરના બ્રાહ્મણ દામોદરદાસ ઝા ને સાથે લઇ સભામાં જાય છે અને ઉત્તર પ્રતિઉત્તર, શાસ્ત્રોના વચનોનો આધાર વગેરેનો સહારો આપી શ્રીદાદાજીની જીત થાય છે અને ઉધ્યાત વ્રત કરવું તેવો નિર્ણય સભામાં માન્ય રહ્યો છે.

વે દામોદર ઝાકું લે હમ ગયે દાદા કે પાસજી,
સભા ભઇ હે અરૂ બોલત હે કહી વાત સબ પ્રકાશજી. ૧૬૯
દાદા કહ્યોં *ગુસાંઈજી તો નહીં તુમારો કહા વિચારજી ?*
તબ મેં કહ્યો વહા સભા ભઇ હે, જાનો તો નિરધારજી. ૧૭૦
જબ દાદા અરૂ હમ વહાં ગયે દામોદર ઝા લે સંગજી,
રાજા સભા સહિત ઠાડો ભયો પાછે કહ્યો પ્રસંગજી. ૧૭૧

હવે શાસ્ત્રાર્થ શરૂ થયો એટલે પ્રબોધ સરસ્વતી સન્યાસીએ પ્રશ્ન પુછ્યો કે -

પ્રબોધ સરસ્વતી તબ બોલ્યો, આજ ક્યોં કીનો વ્રતજી ?
ક્યાંહાંની સંમતને અનુસરે, કોન મત સાંપ્રત્યજી ? ૧૭૨
હમતો કછુ બોલે નાહીં, તબ ઝાને ઉત્તર દીનોજી,
તુમ જો કાલ કીયો વ્રત સોં, કાકે મત ઉપર કીનોજી ? ૧૭૩
તબ પ્રબોધ સરસ્વતી યોં બોલ્યો છાંડે સબકી કાંનજી,
માધવાચાર્ય કો મત હે, સો પ્રમાણ વા અપ્રમાણજી. ૧૭૪

આ વખતે પ્રબોધ સરસ્વતીએ શાસ્ત્રવચન ન કહેતાં કહ્યું કે *શ્રીમધ્વાચાર્યજીના મત થી મેં જન્માષ્ટમી વ્રતનો નિર્ણય કર્યો છે તે પ્રમાણે ખરો કે નહીં ?*

ત્યારે દાકોદર ઝાએ ઉત્તર આપ્યો કે *શ્રીમધ્વાચાર્યજીના મત પ્રમાણે મામાની દીકરી પરણવી યોગ્ય છે, પણ આજે કોઈ ભાણેજ મામાની દીકરી-બહેનને કેમ પરણતા નથી ? તેથી મધ્વાચાર્યજીનો મત શાસ્ત્ર પ્રમાણે હોય તો પ્રમાણ ગણાય નહીંતર નહિં ?*

શ્રીઆચાર્યજી સાંમર્થ્યે ઝાને સન્યાસી સમુજાયોજી,
યુક્તિ કહી ઉનહી કે મતકી વાકું ઉત્તર નાયોજી. ૧૭૫

માધવાચાર્ય મતે કહ્યું છે માતુલ કન્યા લેવીજી,
તે કો આજ કાં નથી કરતાં એ સંમત ક્યાંહાં દેવીજી ? ૧૭૬
તે માટે માધવાચાર્ય મત પ્રમાણ અપ્રમાણજી.
શાસ્ત્ર વિચાર બલાબલ જોતાં થાએ તે પ્રમાણજી. ૧૭૭

પછી દામોદર ઝા વૈષ્ણવ પંડિત જન્માષ્ટમી વ્રત ક્યારે કરવું તેનાં શાસ્ત્ર વચન કહેવા લાગ્યા. એક સેવક દ્વારા નિરૂત્તર સૌ વાદીઓને કર્યા. દિગ્વિજય કર્યો, અને સૌના ગર્વને હરી લીધા. આપણને પ્રશ્ન એમ પણ થાય કે આ શાસ્ત્રાર્થમાં શ્રીદાદાજી એ સ્વયં ન કરી ને એક સેવક-વૈષ્ણવ પાસે કેમ કરાવ્યો ? તેના ૬ કારણ એ છે જે ભક્ત કવિ બતાવી રહ્યા છે:-

૧. શ્રીદાદાજીને તોલે કોઇ ન આવી શકે.

૨. શ્રીદાદાજીના સન્મુખ બોલવાનું સામર્થ્ય નથી.

૩. શ્રીદાદાજી તો સ્વયં શ્રીપ્રભુ છે, અને જે ભગવદ્ પક્ષ નથી જાણતા, તેમનાથી સંભાષણ શું કરવું ?

૪. સામે વાદી સન્યાસી છે, અને આપશ્રી ગૃહસ્થ છે. અને ગૃહસ્થે કદી સન્યાસી જોડે સંભાષણ ન કરવું. માટે પોતે વાદ ન કર્યો.

૫. અને સન્યાસી તો બ્રાહ્મણ છે, અને બ્રાહ્મણનું વધ કરવું, તે શાસ્ત્ર અપરાધ છે. ભલે તે અશસ્ત્ર વધ હોય, કારણ કે જો સંભાષણ-વાદમાં સન્યાસી બ્રાહ્મણ હારે તો તેનો અશસ્ત્ર વધ સમાન છે.

૬. અને જે શરણાગત બીરબલ છે, તેને દંડ દેવા, કારણ કે તે શરણાગત છે, સેવક છે તેથી તેનો અપરાધ ટાળવા માટે સ્વયં વાદ ન કર્યો.

આમ હજારો રાજા રાણા પંડિતો વિદ્વાનો અને સામાન્ય જનતાની મોટી સભામાં શ્રીગોકુલેશપ્રભુએ જન્માષ્ટમી વ્રત નિર્ણય કરાવ્યો અને સર્વત્ર શ્રીગુસાંઇજીના ઘરનો જય જયકાર બોલાવ્યો. એવામાં થોડા સમયમાં શ્રીગુસાંઇજી શ્રીગોવર્ધનથી પધાર્યા ને આ બધી વાત સાંભળીને પોતે પ્રસન્ન થયા અને ભવિષ્યમાં આવો કોઇ પ્રસંગ ઊભો ન થાય તે માટે **જન્માષ્ટમી નિર્ણય** નામક ગ્રંથની આપશ્રીએ રચના કરી.

હવે સંવત ૧૬૨૩માં શ્રીગુસાંઇજી ગુજરાત પધાર્યા ત્યારે શ્રીનાથજી ફાગણ (માઘ) વદિ ૭ને દિને મથુરા શ્રીગુસાંઇજીના ત્યાં પધાર્યા. તેમાં મુખ્ય કારણ એ હતું કે શ્રીદાદાજીથી શ્રીગોવર્ધન સેવા માટે જઇ શકાતું ન હતું, અને શ્રીપ્રભુને શ્રીગોકુલેશ વિના ગમતું ન હતું. જ્યારે શ્રીનાથજી મથુરામાં શ્રીગુસાંઇજીના ઘરે સ્વતઃ પધાર્યા ત્યારે શ્રીગિરધરજીએ પછીતની ભીંત કોચીને પધરાવ્યા. અહીં શ્રીનાથજીની આખા

પરિવારે એવી સેવા કરી કે ૨ ૮૧ દિવસ (૨ માસ અને ૨૧ દિવસ) ક્યારે ઊગ્યા કે આથમ્યા એ કોઈએ જાણ્યું નહીં.

ત્યારે શ્રીગુસાંઈજી મોદ ભર્યા અતિશય મુસકાયાજી,
હાં હાં હું જાનત હું શ્રીવલ્લભકે લીએ આયાજી.

શ્રીગુસાંઈજીએ જ કહ્યું કે શ્રીવલ્લભ (શ્રીગોકુલેશ પ્રભુ) માટે શ્રીનાથજી પધાર્યા છે. વળી શ્રીદાદાજીએ પણ આ વાતને પુષ્ટિ આપી કહ્યું છે :-

ડર અરૂ ભય કછુ નાહીં પહેલે સુનીન વાતજી,
શ્રીનાથજી હમારે ઘેર આયે હે અકસમાતજી.
હમતો તબ ભીતર હુએ દાદા સન્મુખ જઈ લેઆએજી,
પીછવાડેભી તમત ફોરીકે મંદિરમેં પધરાએજી.
માસ અઢી ઈહાં રહે વો સુખકો નહીં પારજી,
ઉદય અસ્ત જાન્યો નાહીં કાહુ એસો ભયો પ્રકારજી.

વચનામૃત તો નિશ્ચય છે કે શ્રીનાથજી શ્રીદાદાજી માટે પધાર્યા છે. દિવસ કે રાત નો કોઈને ખ્યાલ ન રહ્યો, અઢી મહીના બિરાજ્યા. ઉભય સ્વરૂપ(શ્રીનાથજી, શ્રીદાદાજી) એટલા બધા રસ મગ્ન થયા હતાં કે સુરજના ઉગવા આથમવાની ખબર નથી પડી.

શ્રીનાથજી મથુરા પધાર્યાના સમાચાર શ્રીગુસાંઈજીને ગુજરાતમાં જાણ્યા ત્યારે કોઈ ભય ન હોવા છતાં પ્રભુ પધાર્યા છે, માટે સંકોચ કર્યા વિના પૂર્ણ પ્રેમથી સેવા કરવા આજ્ઞા આપી. તેથી શ્રીનાથજીની સેવા ઉત્તમ પેરે થઈ.

શ્રીનાથજીના ભાંતિ ભાંતિના મનોરવ પૂરે સારજી,
થાય નિત્ય નિત્ય નૌતન ભોગ રાગ શું કરે છે અનેક પ્રકારજી. ૨૩૦
પ્રોહણાંચાર કરી સંતુષ્ટ્યા તે સહુ માની લીધાજી,
મનગમતાને મંદિર આવી મનોરથ પૂરણ કીધાજી. ૨૩૧
જે ભાવે પોધાર્યા ત્યાંહાથી કોટિગણા રસ ફલીયાજી
બહુ પ્રકાર કરી પ્રેમે ભરીઆ, એહવી રસ નાવલીઆજી. ૨૩૨

શ્રીગુસાંઈજીએ ગુજરાતથી કહેવડાવ્યું છે કે કોઇ જાતનો સંકોચ ન કરશો. શ્રીનાથજીની યોગ્ય પરોણાગત કરશો. જોકે શ્રીગુસાંઇજી તો સમજે છે કે શ્રીવલ્લભ પરોણાગતમાં ખામી નહીં રાખે. શ્રીગુસાંઈજીએ સુચના મોકલી. વળી જન શિક્ષાર્થ શ્રીગુસાંઈજી કહે છે કે જ્યારે આવો અલૌકિક પ્રસંગ ઈચ્છાથી જ બની આવે ત્યારે દ્રવ્યનો સંકોચ ન કરવો.

વલતા વિદા થયા વૈશાખે ચતુર્દશીને દિનજી,
આનંદને આતુરજુત થઇ પોધાર્યા ગોવર્ધનજી. ૨૩૩
વલતા શ્રીગુસાંઈજી દ્વારકાથી પોધાર્યા જ્યારેજી,
પિતા પુત્ર એકાંત મોદસું કહી વારતા ત્યારેજી. ૨૩૭
સેવા જ નિત્ય લીલા સંબંધી રસ અનુભવની જેહજી,
શ્રીગુસાંઈજીના અગલ અતિ રસમસ થઈ એહજી. ૨૩૮

શ્રીવિવાહ-ઓચ્છવ

આમ લીલા કરતાં કરતાં શ્રીદાદાજી ૧૬ વર્ષના થાય છે, અને શ્રીગુસાંઈજી શ્રીદાદાજીનો વિવાહ આરંભે છે, તે પ્રસંગ હવે જોઈએ. એક વાત વચમાં કહેવા માંગીશ કે ગઢા પ્રસંગ પછી તરતજ વિવાહ ઉત્સવ લઈએ તો વચમાંની ૨ વરસની લીલાનું વિવરણ બાકી રહી જાય તેથી અને જો આ લીલાનું વર્ણન ન થાય તો વિવાહ ખેલ માણવાનો પણ બહુ રંગ ના જામે, તેથી ઉપરોક્ત લીલાનું વર્ણન કર્યુ છે. હવે વિવાહમાં જાનૈયા જાનડીયું થઇને વેવાઇને ઘરે જવાની ઉતાવળ બધઅને થતી હશે. તો ચાલો શ્રૃંગાર સજી સજી તૈયાર થઇ જાવ. વેણાભટ્ટનો માંડવો હવે દૂર નથી. આ વિવાહ ઉત્સવનું વર્ણન કરતાં પહેલા ભક્ત કવિ ગોપાલદાસભાઇ વ્યારાવાળા જે રસભર્યા પાત્ર છે (શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ) ને વન્દન કરે છે. અને આગળ કહે છે કે જે પ્રમાણે વિવાહ થયો છે, તે રીતે કહેવાની મારી શક્તિ નથી, તેથી મનમાં સંકોચ થાય છે, પરંતુ કહ્યાં વિના પણ રહેવાતું નથી એટલે સુચન માત્ર કરૂ છું.

જે કહેવું તે હવું ન કહેવાય તેણેથિ લાજી રહ્યું એ,
પણ કહ્યાં વિના ન રહેવાય તે સમય સુચન કરૂં એ.

શ્રીગોકુલેશ પ્રભુની ઉંમર ૧૬ વર્ષની થવા આવી. શ્રીગુસાંઇજીને મનમાં વિચાર આવે છે કે હવે શ્રીવલ્લભના લગ્ન કરવા જોઇએ. સગા કુટુમ્બમાં બધાને કહ્યું છે કે શ્રીવલ્લભના માટે સુંદર કન્યા બતાવજો. પરન્તુ કોઇ એવી કન્યા દેખાતી નથી અને લગ્નમાં વિલંબ થાય છે.

કોઇ સંબંધીએ કન્યા બતારી પણ શ્રીશોભા બેટીજી તથા શ્રીગુસાંઇજી ના મનમાં ના વસી. બીજા સંબંધીએ બીજી કન્યા બતાવી પરન્તુ તે પાયા(શ્રીગોપીનાથજીના બહુજી) ને ના ગમી. ત્રીજા સંબંધીએ પણ એક કન્યા બતાવી પરન્તુ એ ઉંમરમા શ્રીદાદાજી સમાન હતી તેથી શ્રીગુસાંઇજીનું મન ના માન્યું. આમ વિલંબ થતો જાય છે. પરન્તુ જ્યારે શ્રીપ્રભુએ સ્વકીયાના રસની ઇચ્છા કરી કે તરત જ યોગ્ય સામગ્રી નજર સામે આવી છે.

શ્રીગોકુલકેરો નાથ સહુ સાથને મન વસે એ,
ગુણનિધિ નાગર નિપુણ જોઇ ઉર ઉલ્લાસે એ. ૮
સુંદરતાનો નિધાન સમાન રૂપ કો નહીંએ,
કોટિકામ મદહરણ સરાહું હું શું કહી એ ? ૯
મહા નવ જોબનનો દામ સહુ કામ પુરણ કરે એ,
વામા તણો વશીકરણ, દુઃખહરણ આરત હરે એ. ૧૦
સંવત સોલ ચોવિસે મહાસારનું સાર છે એ,
અસાડ વદી દિને બીજ અને ગુરુવાર છે એ. ૧૭
શ્રીગુસાંઇજીના મનમાંહે અતિશય ઉલટ ઘણોએ,
શ્રીવલ્લભવરનો તે વિવાહ કીધઅ તણો એ. ૨૧
મેરે વિવાહકું કન્યા એક મિલી સોં સુંદર નહીં એ,
શ્રીગુસાંઇજીકે શોભાજીકે આઇ નહીં મનમાંહી એ. ૨૫
દુસરી મીલી સો પ્રાગલ્મા પાયાકું ગમી નહીં એ,
શ્રીવલ્લભ અતિ સુકુમાર ન કરીએ એસી કહીએ . ૨૬
એક મીલી સો કારણ કહ્યુ પાયાકું ગમી નહીં એ,
તાતે ભયો વિવાહકું વિલંબ શ્રીમુખે એમ કહીએ . ૨૭
શ્રીમુખે કહી છે એ વાત કન્યા દ્વિગુણો વર ભલો એ,
શાસ્ત્ર સિદ્ધે જેસે કહ્યો હે તેસો હમારે મલ્યો એ. ૩૧

એક તો કન્યા આઠ વર્ષની હોય ત્યારે વર સોલ વર્ષનો બમણો હોવો જોઇએ, એ શાસ્ત્ર-વચન છે. શ્રીદાદાજીનું સર્વજીવન શાસ્ત્ર-મર્યાદાવાળું હતું, તેથી તેવી કન્યા મળે તે માટે તપાસ ચાલતી હતી. વળી બીજું કારણ એ હતું કે અત્યાર સુધી આ રસ પરછન્ન (ગુપ્ત) હતો તેથી તે રસનો અનુભવ પરકીયા ભાવથી મનથી થતો હતો. હવે આ રસ બીજ રૂપે પ્રકાશ પામ્યો ત્યારે સ્વકીયા ભાવથી વિવાહ કરવાનું પ્રભુએ વિચાર્યું. ત્યારે એક વેણાભટ્ટ નામના એક શુદ્ધ પવિત્ર તૈલંગ વૈષ્ણવ બ્રાહ્મણના ત્યાં આઠ વર્ષની પુત્રી હતી. તેના મનમાં શ્રીગોકુલેશ પ્રભુ સાથે વિવાહ કરવાનું આવ્યું. દેવરખ ગામથી (અડેલની નજીક અત્યારે તો ખંડેર છે) વેણાભટ્ટ આ સમયે સપરિવાર મથુરામાં રહેવા આવ્યા છે. ૮ વર્ષની દિકરી થઇ, પરંતુ વેણાભટ્ટને કન્યા લાયક મનમાં કોઇ મુરતીયો વસતો નથી. દરેક દીકરીના પિતાને કન્યા ઉંમર લાયક થાય ત્યારે ચિંતા થઅય, તે પ્રમાણે વેણા ભટ્ટને પણ ચિંતા થવા લાગી.

વેણોભટ્ટ કરે છે વિચાર કન્યા હું કોને આપું એ,
એહવો કો ભુતલ નહીં જે કો વરે એહને એ.

ત્યાં વેણાભટ્ટની દ્દષ્ટિએ શ્રીગોકુલેશ પ્રભુ થયા. દેખતા માત્ર વેણાભટ્ટના મનમાં થયું કે આની સાથે મારી પુત્રી પાર્વતીનું લગ્ન થાય તો દૂધમાં સાકર ભળે તેવો યોગ થાય.

તેણે સમય વેણો ભટ્ટ દેવરખોઆ દેવરખે થકીએ,
કરવા મથુરામાંહે વાસ ને આસ એહવી તકીએ. ૩૮
ત્રટ જમુનાજીનું નિકટ ગુસાંઇજી જાણી અને એ,
એ સ્થલે કરવા નિવાસ મન આશ આણી અને એ. ૩૯
એહો ઘેર કન્યા રૂપવંતી મહા અતિ સકુમાર છે એ,
સુંદર ગુણ શોભા સકલનો એહ આધાર છે એ. ૪૦
સૌભાગ્ય શિરોમણિ સર્વદા પુરક કામ છે એ,
પાર્વતીજીય એહવું શુભ નામ છે એ. ૪૧
વેણોભટ્ટ કરે છે વિચાર કન્યા હું આપુ કેહેને એ,
એહવો કો ભૂતલ નહીં જે કો વરે એહને એ. ૪૩
તેહવે શ્રીવિઠ્ઠલકુમાર સકુમાર સોહામણો એ,
સકલ ગુણાર્ણવ સુખદ જે જગત મોહામણો એ. ૪૪
રોમ રોમ રૂપ રસ ધાર અપાર વરસે ઘણીએ,

ઉપમા કહેવા નહીં કોએ એહવો જે શ્રીગોકુલધણી ઓ. ૪૫
જેહ સમે વેણે ભટ્ટે દીઠા મીઠા લાગ્યા અતિ ઘણુ એ,
મનમાંહે હરખ ન માએ કહેવાએ ન તેહ તણંએ. ૪૬
એ કન્યા એહો ઉપયોગ સંજોગ જો એ મિલે એ,
એહવું જો કરે જગદીશ પયમાંહે મિશ્રી ભલે એ. ૪૭

શ્રીવેણાભટ્ટે શ્રીગોકુલેશ પ્રભુને જોયા, મીઠા લાગ્યા. દૂધમાં સાકર ભળે તેવો યોગ થાય. પરિવારમાં બધાને વાત કરી અને વિચાર કરે છે કે માંગું કેમ કરવું ? સામાન્ય રીતે વરપક્ષ માંગુ કરે તેવો નિયમ હોય છે પરંતુ હવે ફેર થયો છે. પછી પરિવારજનને મળીને નિશ્ચય કર્યો કે તેમના(શ્રીદાદાજી) મામા ગોવિન્દ ભટ્ટને મળી માંગું પુછાવીએ. આ નિર્ણયનો અમલ તરતજ કર્યો.

શુભ દિન જોઈ સહુ મલીયા ગોવિંદ ભટ્ટ તેડાવીયા એ,
આદરે કરી સનમાને સનમુખ તે બેસાડીએ. ૫૧
વિનય વચન બહું કહી અને વિનંતી કરી એ,
ભટ્ટજી તમને કહુ સાંભળજો ચિત્ત ધરીએ. ૫૨
તમો બડા શ્રેષ્ઠ મહા શ્રેષ્ઠ વરેષ્ટ છો અમ તણાએ,
પર ઉપકાર કરીએ ગુણ હું કેમ કહું તમ તણાએ. ૫૩
બાંધવમિત્ર અમારા તમો ગુસાંઈજી સું ગમ્ય ઘણીએ,
તમથી મનોરથ થાએ આસ પુરો અમ તણીએ. ૫૪
એહ હમારું કાજ તે આજતમથી થશે એ,
અમને તમારો વિશ્વાસ નિશ્ચે મનમાં વશે એ. ૫૫
એહવું કહીને ભટ્ટજીને ખોલે કન્યાજી બેસાડીયા એ,
શ્રીવિઠ્ઠલ સુત તણે કાજ એમ કહીઅ દેખાડીયા એ. ૫૬
શ્રીવલ્લભ કેરડે અર્થ આપું છું હું તમને એ,
પ્રાણપ્રત્ય કરી કહ્યું બહુઅ, કૃપા કરો અમને એ. ૫૭

આવી વિનંતી વેણાભટ્ટે ગોવિંદ મામાને કરી. આ તો કન્યા બધી રીતે અનુકૂળ છે. પરંતૂ આવી વિનંતી સાંભળીને મધ્યસ્થી પાણી પાણી થયા વિના ના રહે. દીકરીના પિતાએ આ વિનંતી કંઠસ્થ કરી લેવાની રહે છે. આથી ગોવિંદ ભટ્ટ વેણા ભટ્ટને *આ કાર્ય કરી આપીશ* એમ કહી, શ્રીગુસાંઈજીને ત્યાં

આવ્યા અને બધી વાત કરી. આથી શ્રીગુસાંઈજીએ પોતાનાં મોટા પુત્રી શ્રીશોભા બેટીજીને બોલાવી, આ વિષે તેમની સલાહ લીધી, કારણકે બીજ પત્ની શ્રીપદ્માવતી હજી લઘુ-વયનાં હતાં. શ્રીગુસાંઈજીના મનમાં વિચાર આવે છે કે કન્યા જોયા સિવાય હા ન પડાય. ગોવિંદ મામા વાત લઈને આવ્યા હોય અને શ્રીગુસાંઈજી કન્યા જોવાની વાત મૂકે તો ગોવિંદ મામા ઉપર અવિશ્વાસ આવ્યો કહેવાય. પરંતુ અહીં તો શ્રીવલ્લભના જીવનનો પ્રશ્ન છે, તેથી શ્રીગુસાંઈજી કહે છે કે કન્યા નજરે કરી પછી જવાબ આપું. કન્યાજીને શ્રીગુસાંઈજીને પોતાને ઘરે તેડાવ્યા.

સગા ઉત્તમ કુલ ઉત્તમ ઉત્તમ ઘર જેહનું એ,
ગામ ઉત્તમ કન્યા ઉત્તમ હું શું કહું તેહનું એ. ૬૪
ત્યારે શ્રીગુસાંઈજી વિચારીને મનમાંહાં સુખ લહ્યું એ,
કન્યા દેખું મારી દ્રષ્ટ ગોવિંદભટ્ટને એમ કહ્યું એ. ૬૬
વલતા કન્યાને પોતાને ઘેર તેડાવીઆં એ,
ચંદની બ્રહ્માણી તે ખેલવા તેહની સાથે તે આવીઆં એ. ૬૭
શ્રીગુસાંઈજી તો નિરખી હરખ્યા મનમાંહાં ઘણું એ,
ગુણ શીલ લક્ષણ રૂપ દીઠું તે મોહામણું એ. ૬૮

દેખતા માત્ર શ્રીગુસાંઈજીના મન પ્રસન્ન થયું. પછી આ કન્યા સાથે શ્રીગોકુલેશ પ્રભુનો વિવાહ કરવાનું વિચારી શ્રીગુસાંઈજીએ તે બાલ-કન્યાના મસ્તકે આપનો શ્રીહસ્ત ફેરવી આશીષ આપ્યો અને તેની સાડીમાં પ્રસાદ આપ્યો. વળી એક જોષીએ તો કન્યાની આકૃતિ ઉપરથી ભવિષ્ય ભાખ્યું કે:

કુંવરી મહાભાગ્યવાન નિદાન એહવી હશે એ,
સવામણ ઉઠશે લુણ તેહો ઘેર એહ વિવાહ થશે એ. ૭૪

પછી શ્રીગુસાંઈજીએ કન્યા-વરના જન્માક્ષર જોવડાવ્યા. રઘુનાથ પંડ્યા નામના જોષીએ તે જોઈને કહ્યું કે વીસવસા આ બન્નેનો જોગ છે માટે ખુશીથી વિવાહ કરો.

સુણીએ શ્રીમહારાજ એ જોગ ઉત્તમ ઘણુ એ,
ક્યાંહાં લગી વિસદ કહેવાય તે કારણ એહ તણું એ. ૮૨
વરસ ગ્રહ મંત્ર બહુપેરે મલે છે વિશે વિશાએ,
અદ્દભૂત એહ સંજોગ પ્રતિક્ષણુ ચઢતી દિશાએ. ૮૩

ક્યાંય ન્યુનતા નથી. વિસે વિસા મેળ મળે છે. બધાને આનંદ થયો. આથી શ્રીગુસાંઇજીએ તે પંડ્યા જોષીને વેણા ભટ્ટને ઘેર મોકલ્યા. વેણા ભટ્ટ તો આ વિવાહ માટે આતુર હતા જ. તે જગતમંગલ જગદીશ પ્રભુને પ્રાર્થના કરી રહ્યા હતા. ત્યાં રઘુનાથ ભટ્ટે કહ્યું કે:-

જોતસીએ ત્યાંહાં જઇયને વેણાભટ્ટને કહ્યું એ,
સર્વમિલાપ ઉત્તમ મલ્યો હે મનમાંહાં ગહ્યું એ. ૯૮
લગ્નવિચારી પઠવશે પાછલ થકી શુભ દિને એ,
વેણો ભટ્ટ એહ સુણીને રીઝ્યા તે પોતે મન એ. ૯૯

આ પ્રમાણે જોષીજી શ્રીવેણાભટ્ટજીની પ્રસન્નતાપૂર્વક સંમતિ મેળવી પાછા શ્રીગુસાંઇજી પાસે આવ્યા અને સર્વ વાત કહી. તેથી શ્રીગુસાંઇજીએ પ્રસન્ન થયા અને જોષીજીને ઉચિત દક્ષિણા આપીને વિદાય કર્યા. પછી થોડા સમય બાદ આ રઘુનાથ પંડ્યાને લગ્ન જોવા બોલાવ્યા. અને તેણે લગ્ન જોવાની વિધિ શરૂ કરી.

સંવત સોલ-ચોવીસે મંગલપ્રદ સાર છે એ,
અષાઢ માસે કૃષ્ણ પક્ષે દ્વિતીયા ગુરુવાર છે એ. ૧૧૩
દીવાલગ્ન ઉદ્યાત ઘટી એક કેરે સમે એ,
મિથુન લગ્ન નિરધાર્યું તે સહુ કેહેને ગમે એ. ૧૧૫

ત્યારબાદ પ્રભુના વિવાહનું નક્કી થયું. અને લગ્નની એનેકવિધ તૈયારીઓ થવા લાગી. પંડ્યાજીના આપ્યા પ્રમાણે મુહૂર્ત સાધી, હલદી ખાંડવાથી માંડી અનેક કાર્ય થવા લાગ્યાં અને વેણા ભટ્ટને આ લગ્નના મુહુર્તની ખબર આપી. વેણા ભટ્ટે લગ્ન વધાવી લિધું. હવે વિવાહનાં ગાણા ઉભય પક્ષે ગવાવા લાગ્યાં. અનેક તૈયારીઓ થવા લાગી. ત્રિભુવનનો નાથ પરણે છે, શું કહેવાનું હોય ?

પદ્માવતીજીય વરનીય માતાજી, બેહેન જમુનાજી અતિ સુખદાતા જી
મામી ગંગા અતિ ગુણભરીય જી, માસી ગોપદેવી હિત ધરીયાજી,
એ ચારે જણાં માંગલ્ય માંડે જી, ગાન કરતાં હલદી ખાંડે જી.

તેમાં જ્ઞાતિની સ્ત્રિઓ બોલાવાથી આવી અને તે પણ ગાણા ગાવા લાગી. પછી પાંચ સોહાસણી લઇ માટી લેવા ગયાં. તે લાવી કુલદેવતાના સ્થાપન માટે સિંઘાસનની ચોતરી કરી. વાજીંત્ર વાગવા લાગ્યાં અને જ્ઞાતિ રિવાજ મુજબ વસ્તુઓ મોકલવા માંડી. પછી હલદી કંકુ નાડાછડી વગેરે શુભ વસ્તુઓની યાદી કરી શ્રીગુસાંઇજીએ ચાંપાભાઇને બોલાવ્યા અને અનાજ-ઘી-ખાંડ-તેલ ઝવેરાત–વસ્ત્રોથી માંડી સર્વ વસ્તુ

ભંડારમાં લાવવા આજ્ઞા આપી. તેથી ચાંપાભાઇ આગ્રા ગયા. ત્યાં જઇ કર્ણાટક, દક્ષિણ, અમદાવાદ, ખંભાત, પાટણ, તાપીપોર, મોરબી, જામનગર તથા દેશ પરદેશનાં વિવિધ પ્રકારનાં ઘણાં ઉત્તમ વસ્ત્રો તેમણે ખરીદ્યાં અને સાથે સાથે બીજા મંગલકાજની વસ્તુઓ પણ ખરીધી. કુમકુમ, કેસર, કસ્તુરી, બરાસ, તેલ, ફૂલેલ, જવાદ, જાવદ, મણિ મોતિ, હીરા વગેરે અનેક સામગ્રી ભંડારમાં ખરીદી કરવામાં આવી.

પછી ચાંપાભાઇ આગ્રાથી સૌ ઉત્તમ વસ્તુ લઇ મથુરા આવ્યા. એ સર્વ વસ્તુઓ જોઇનએ શ્રીગુસાંઇજી ચાંપાભાઇ ઉપર ઘણા પ્રસન્ન થયા. કન્યાને બોલાવી આભૂષણ ઘડાવવા માટે માપ લેવાયાં, ને સોની તેડાવ્યા. સોનીને પણ હરખ મા'તો નથી. અને આભૂષણ તૈયાર થવા લાગ્યા, તીનમનીયા, ટીકો, મંગલસુત્ર, દુલરી, મોતીની માલા, તીલરી સોનાની માળા, જડાવની માલા, છુટી લરની મોતી માલા અને ચીતા કચકણી વગેરે ડોકના આભૂષણ થયા છે. હવે ઉરના આભરણ જેવા કે ચંપકલી, ચંદ્રહાર, ઉરવસી, મોતી માલા, લટકણીની માલા વગેરે હૃદયના આભૂષણ તૈયાર થયા છે. આ ઉપરાંત મોહન માલા, અને મુક્તાનો હાર તો ખરાજ. આ પ્રમાણે શ્રીહસ્તના, કર્ણના, નાસિકાના, શ્રીચરણના, વગેરે અસંખ્ય આભુષણ થયા છે.

હવે શ્રીગુસાંઇજીએ કંકોત્રી લખીને સહુને તેડાવ્યા અને લખ્યું કે:

તમ આવે અમને થશે એ, મનમાંહિ અભિરામ,
શોભા અધિક પ્રગટ થશે એ, મંગલ મંગલ ધામ.

આમ આખા ભારતવર્ષમાંથી અનેક સજ્જનો આ લગ્નમાં પધાર્યા, પછી મકાનો રંગાવ્યા, વિવિધ પ્રકારના વાજિંત્ર હવે વાગવા લાગ્યા; માગધો, બંધીજનો, ગુજરાતી ગાંધર્વો, નૃત્યકારો, ભાટ, ચારણો વગેરે અનેક આ લગ્નની વાત સાંભળી ત્યાં આવ્યા.

હવે તો આખું મથુરા આ શ્રીવલ્લભવરના વિવાહથી ગાજી રહ્યું અને વિવાહના વાદ્ય સાંભળવા મિષે સૌ કોઇ શ્રીવલ્લભના સલુણા સ્વરૂપનું પાન કરવા લાગ્યું.

પછી જ્ઞાતિ રિવાજ પ્રમાણે વિવાહની વિધિ ચાલવા લાગી અને જમણ પિરસાવા લાગ્યા. વરને પીઠી ચોળવામાં આવી. આમ જેઠ સુદ ૧૧થી લગ્ન વિધિ શરૂ થયો અને વૈદિક વિધિથી લગ્ન શરૂ કર્યું. છઠ્ઠા પ્રસંગમાં શ્રીશોભા બેનીએ જે મધુર ફટાણા ગાયાં.

પ્રથમ લાડીલો ને વલી લાડ ચઢ્યો રંગ રેલ,
લાડ ચઢ્યો અતિ લહલહયો સુંદર મોહન વેલ.

મોદ ભર્યો ઉલટ ભર્યો રસ ભર્યો રસરૂપ,
પ્રેમ મદે માતો રહે નાયક નવલ અનુપ.
અવલ કુંવર આલીંગડો બોલે મીઠી ગાલ,
કોસું સ્વચ્છ મરકલડો કરે કોસું બોલે આલ.

સૌને આનંદ આનંદ થઇ રહ્યો છે. શ્રીગુસાંઇજીના ભવનમાં તિલ પડવાની પણ જગ્યા નથી રહી. વરરાજાનું દર્શન કરતા કોઇને સંતોષ નથી થતો. જનસમાજને પોતાના ઘરે જવાનું ગમતું નથી. બસ મન ચાહે છે કે અહીં શ્રીગુસાંઇજીના ભવનમાં જ રહી જઇએ. હવે કૃપાપાત્ર કૃષ્ણાદાસી, ઠાકોરદાસી, શ્રૃંગારબાઇ, દામોદર દાસી, મેવાડનાં નાનીબાઇ જેમણે નાનપણથી શ્રીગોકુલેશ પ્રભુને ખેલાવી મોટા કર્યા હતા, તેમનો સૌનો ઉત્સાહ આ લગ્ન વખતે અતિશય વૃદ્ધિ પામી રહ્યા છે.

ગોધરાથી નાગજીભાઇ, ખંભાતના જીઉભાઇ, બડા માધવદાસ, દેવરાજભાઇ, હરિવંશજી, લખીભાઇ, ભઇલા કોઠારી, રામદાસજી, ગદો દુબે, ગોવિંદ દુબે, રામદત્ત દુએ, રાણા વ્યાસ, પવો ત્રવાડી, પ્રાગદાસ, ભરથભાઇ, બડા રામદાસજી, રાઘવદાસ ભીતરીયા, હરખોભાઇ, ગોપાલ ભટ્ટ, જગન્નાથ જોષી, ગોપીનાથદાસ ગોવિંદદાસ ભાવી, મદસુદન, ગોપાલદાસ, વ્રજમોહન દાસ, વિષ્ણુ મહેતો, વછુ પારેખ, કૃષ્ણદાસ ઉદ્ધવદાસ વિસનગર વાળા, વિષ્ણુદાસ અને ગોપાલજી નરોડાના, આસોડાના ગણપતભાઇ, ખેરૂના સુરોભાઇ, ઝાડોલ્યના ત્ર્યંબક વ્યાસ, માધવદાસ કપુર, નાગોરી મોહનદાસ, રૂપચંદ પટ્ટણી, જ્ઞાનચંદ, નરહરદાસ, રામદાસ ટડો, નાગર સીરંઘદાસ વૈકુંઠદાસ, ભીષ્મભાઇ, વગેરે અનેક સેવક સમાજ આજે અહીં મંડપ માંહે ઉપસ્થિત છે.

જેઠ સુદ ૧૧ના રાત્રીના સમય વાજીંત્રો સાથે ગાતાં ગાતાં મીઠાઇનો થાળ લઇ વર-માતા સહિત સ્ત્રીજનનો વેવાઇને ત્યાં બેટી માંગવા જાય છે.

વેણા ભટ્ટજી પુછે છે કે રાત્રી ઘણી વીતી ચૂકી છે, અને વળી આપ બધા સ્ત્રીજનો સાથે વાજતે ગાજતે શા માટે પધાર્યા છો ? ત્યારે વરમાતા શ્રીપદ્માવતીજી તરફથી કહે છે કે તમારે ત્યાં કન્યા છે તેમ સાંભળ્યુ છે અને શ્રીવિઠ્ઠલજીને ઘરે શ્રીવલ્લભ મૂરતિયો છે, તેને માટે કન્યાની માંગણી કરવા આવ્યા છીએ. વેણા ભટ્ટના ઘરના પૂછે છે કે જન્માક્ષર મેળવ્યા છે ? કહે છે કે ઉત્તમ રીતે જન્માક્ષર મળ્યા છે. પ્રતિઉત્તર આપતા વેણા ભટ્ટ કહે છે : તો અવશ્ય કન્યા આપશુ.

આમ કહી પારવતીજીને વરમાતાના ખોળામાં બેસાડયા, વરમાતાએ વહુજીના ભાલે કુમકુમની બીંદી કરી. સાડી ચોલી આપ્યા અને બીડું, રૂપૈયો, અને માલા વહુજીના હાથમાં આપી છે. કન્યા પક્ષ તરફથી વેવાણોનું યોગ્ય સન્માન થયું છે. આમ કન્યામાગી ને સર્વ સમાજ ઘરે પાછો ફર્યો છે.

જેઠ સુદ ૧૨ ના સોહાસણીયો સાથીયા કરવા લાગે છે અને દ્વારે દ્વારે તોરણ બંધાય છે. પાથરણા પથરાય છે. અને પછી શ્રીવલ્લભને પીઠી ચોપડાય છે. અને વેદીની ચોતરીએ માતા પિતા સાથે બિરાજી પુણ્યાહવાચન કરે છે. અને કુલદેવતા નું સ્થાપન કર્યુ છે.

વેણાભટ્ટના ઘરે પણ કુળદેવતાનું સ્થાપન થયું છે. આજે બદ્રી પ્રસંગે ઉભય પક્ષે પોતાના સ્નેહી, સંબંધીને જમવા નોતર્યા છે, તેથી શ્રીગુસાંઇજીનો પરિવાર વેણાભટ્ટ વેવાઇને ત્યાં જમવા ના જઇ શકે કારણકે પોતાના ઘરે પણ ભોજનનો સમારંભ છે. હવે વેણાભટ્ટને ઘરે અનેક સમાજ આવે છે પણ શ્રીગુસાંઇજીનો પરિવાર તો ના આવી શકે તેથી વેણભટ્ટજીએ રસોઇની સામગ્રી શ્રીગુસાંઇજીને ત્યાં મોકલી અને વિજ્ઞપ્તી કરી કહેવડાવ્યું

વેણેભટ્ટે વિનંતી કરી છે ઘણીએ, પાઠવી સામગ્રી તે તમ તણીએ.,
શ્રીગુસાંઇજીને અતિ પ્રણીપત્ય કરીએ, કરી વિજ્ઞપ્તી તે ઘણી ઘણીએ.
પકવાન કેરી સામગ્રી અનેક એ, કરી વિવેક તે લાવીયા એ,
તમારે લાયક તો એ છે નહીં આજ એ, રાજ થોડે ઘણું માનજો એ.

આગલા દિવસે જેમ વરમાતા કન્યા માંગવા પધાર્યા હતા તે આજે જેઠ સુદ ૧૨ના શ્રીગુસાંઇજી પુરુષ સમાજ અને ઘરના સ્ત્રીજન સાથે કન્યા માગવા અને લગ્ન નક્કી કરવા વેણાભટ્ટના ઘરે પધાર્યા. ગઇકાલની જેમજ ઉત્તર પ્રતિઉત્તર થયા અને લગ્ન નક્કી કરતા વરપક્ષ તરફથી શ્રીગુસાંઇજી નિશ્ચયો ભવતી કહે છે. જ્યારે કન્યાપક્ષ તરફથી વેણાભટ્ટ પણ નિશ્ચયો ભવતી કહ્યું. અને લગ્નનું નક્કી થયું છે. વેણાભટ્ટ કન્યાજીને શ્રીગુસાંઇજીની ગોદમાં બેસાડ્યા, અને શ્રીગુસાંઇજી પણ વહુજીનું સન્માન કર્યુ છે. પછી વહુજીના ગંગામામીએ કન્યાને શ્રીગુસાંઇજીના ખોળેથી લઇ અંતઃપુરમાં શ્રીગુસાંઇજીનો સ્ત્રી સમાજ છે તેમના દરેકના ખોળામાં પધરાવ્યા છે. અહીં ઉભય પક્ષના સ્ત્રીજનો સામસામે ગીતો ગાય છે અને ફટાણા આપે છે. આમ આનંદ મંગલ થઇ રહ્યો છે. વેવાઇને ત્યાંથી સમય થયે શ્રીગુસાંઇજી પોતાના ભવને પધાર્યા અને અહીં શ્રીગોવિંદ મામાએ મામેરૂં કર્યું.

ઉત્સાહના દિવસો પસાર થતા વાર નથી લાગતી. જોત જોતામાં રૂડો જેઠ વદ-૧નો દિવસ આવી ગયો. વરપક્ષ તરફથી પીઠી નો સાજ લઇ કન્યાપક્ષને પીઠી ચોળવા જાય છે. વધે છે તેમાં બીજી સામગ્રી ઉમેરી કન્યા પક્ષના સ્ત્રીજનો ગાતા ગાતા શ્રીગુસાંઇજીના ઘરે આવે છે. અહીં બન્નેને પીઠી ચોળાય છે.

વેણાભટ્ટે આણું પાથર્યું છે અને બીજી લગ્ન વિધિની તૈયારી કરતા જાનની રાહ જોવાઇ રહી છે.



શ્રીગોકુલેશ પ્રભુ ઘોડીએ અસવાર

શ્રીગુસાંઇજીના ઘરે મોટો ઉત્સાહથી સર્વ કાર્યો થઇ રહ્યા છે. વરઘોડો માટે ઘોડી સુંદર શણગારી છે. જાનની તૈયારી થવા લાગી.

અશ્વ કચ્છીની જે ગતિ છે પક્ષીની એ,
નીલો નૌતન ગતિ નાચતો એ; ૬૭
અતિ શણગારીઓ પરમ સોહાવ્યો એ,
આવ્યો મનમાંહાં ઘણું રાચતો એ. ૬૮

વરઘોડો માટે ઘોડી સુંદર શણગારી છે અને આમ કરતાં રાત્રી થઇ અને વરઘોડાનો સમય થયો છે.

વરજીને સોહાસણીઓ માળીને અનુપમ શ્રૃંગાર કરાવ્યો છે. અને વાઘો ધરાવતા ગાય છેઃ-

વરનો વાગો તો સવા લાખનો,
પેરજો પેરજો સાસરીયાના ઘરે રે.

વ્હાલીડા મારા તમારે જાવું છે કન્યા પરણવા;

વરજીને અંજન તિલક કરી ફુલનો હાર પહેરાવ્યો છે. અને જે જાન સિદ્ધ થઇ છે તે સર્વને કેસર છિરક્યા છે. કેશર છીરકતાં છીરકતા સ્ત્રીજન ગાય છે:

કેસર કાંટે તોળાય ને વાટકે ઘોળાય કેસર છાંટણા,
જેમ રે મલે તેમ રે લ્યો ને ગુસાંઇજી દાદા કેસર છાંટણા.
આપણે ઘેર છે વલ્લભ વરનો વિવાહ કેસર છાંટણા,

કેશર છાંટી બીડા અપાય છે અને તિલક કરાય છે. વરરાજા તૈયાર થઇ ગયા, હવે કુલદેવતા પાસે બેસી પુન્યાવાચન થાય છે. અહીં દુલ્હાને શેરો ધરાવાય છે અને ગીત ગવાય છે

મદ ભર્યો હાથી ને લાલ અંબાડી, ફૂલનો શેરો સોહે વલ્લભવર,
ગોકુલના રાજવીને મથુરાના પાટવી, માધવદાસ તમને કહાવી મોકલે.
છત્ર જોઇએ તો અમારા લેજો રાજ ગોકુલના રાજવી ને મથુરાના પાટવી.
વેણો ભટ્ટ તમને કહાવી મોકલે જાન લઇ વેલા પધારો વેવાયુ,
ગોકુલના રાજવીને મથુરાના પાટવી.

મોડ માલણ લઇ આવી છે. તેને સાડી ચોલી, જે ને તેથી ઘણું વધારે છે, આપી તેનું બહુમાન કર્યુ. શ્રીવલ્લભને પશ ભરાવી બહેને આરતી કરી અને કુળ દેવતાને નમન કરી જાન ઉઘલે છે.

સુંદરી-તિલક મુગટ-મણિ મુગટાધિપના જેહજી,
તેહને ત્યાં મોડ ધરાવીઓ સોભા ક્યાંહાં લગી કહું તેહજી. ૩૫
શોભા જોઇ શોભા ત્રિલોકની ચરણે લાગી મેહેલી ગર્વજી,
આધિ દૈવિક સ્વરૂપ પોતાતણું વારે છે સર્વજી. ૩૬
દેવકાંજી ને જમુનાજીએ તિલક કુમકુમ તણું કરીયજી,
આરતિ હરણને આરતિ વારિ તે ઉલટ ભરીયજી. ૩૭
મહાફલના કરમાંહાં ધર્યું શ્રીફલ મંગલકાજજી,
નમન કરી કુલ દેવને વિજય કરે છે મહારાજજી. ૩૮
શ્રીગુસાંઇજી મોદે ભર્યા સાથૈ છે વેદના પાત્રજી,
વૈદિક સ્વસ્તિવાચન ભણે શુભ સમયના શુભ માત્રજી. ૩૯

વરદ વરેશ વલ્લભવર રસભર નવલકુમારજી,
એક લરિકાને સાથે લઈ ઘોડે થયા અસ્વારજી. ૪૦

હવે જાન નીકળી. વરઘોડાની શોભા અદ્દભૂત છે. છતાં ગુજરાતનાં ભક્તોને એમ થાય છે કે હજી કાંઈક ખૂટે છે. અને આ કાંઈક માટે માધવદાસ શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે ગુજરાતી રીત પ્રમાણે વરરાજાને છત્ર ધરાવવાની આજ્ઞા આપો. શ્રીગુસાંઈજી તરતજ હા પાડી છે.

વરજી ને છત્ર ધરાવીએ એહવી હમારે છે રીતજી;
માધવદાસે છત્ર ધર્યું કર્યુ મન ભાવતું આપજી,
એહવું દરશન કરાવીને જગતનો હરીયો પરીતાપજી.૪૫
માધવદાસે મનોરથ કરી ધરી આનંદ અપારજી,
ચૌદ ભુવન તણા છત્રને છત્ર ધર્યું તેણી વારજી. ૪૬
જીવા પારેખ નાગજી, ભાઈલા કોઠારીને દેવરાજજી,
એ ચમર ઢાલે ચોહોપાસ સાથે છે અનેક સમાજજી. ૪૭

શ્રીગુસાંઈજીના મનમાં પણ ઈચ્છા હતી કે છત્ર ધરાવાય તો ઠીક. પરંતુ લોક રીત નહીં તેથી અટકતા હતા. તેવામાં માધવદાસજીની વિનંતી આવી. શ્રીગુસાંઈજીના મનનું ભાવતું થયું છે. જીવુભાઈ વગેરે ચમર ઢોળી રહ્યા છે. અને જાન વેવાઈના માંડવા તરફ આગળ વધે છે. જાનડીયું દુલ્હાને શીખામણ આપે છે

બન્ના ધીરે ધીરે ચાલ બન્ના સંભલ કે ચલ
ઘોડી આઈ હે કાબુલ દેશકી
તેરે દાદા હજારીને મોલ લીની.

કાબુલની ઘોડી છે માટે સંભાળીને ચલાવજે તેવી વિનંતી થાય છે. સીધા માંડવે નથી પહોંચવાનું. રસ્તામાં મુકામ કરતા જવાનું છે. કયાં મુકામ કરવો તેથી ભલામણ વરરાજાને થાય.

ધીમી ધીમી ઘોડી હાંકો વલ્લભલાલ મથુરા શહેર સામી હાંકજો રે,
મથુરા શહેરના ચાર દરવાજા પહેલે દરવાજે ઉભી રાખજોરે,
પહેલે દરવાજે જોશીડાના હાટ છે લગ્ન લખાવી વહેલા આવજોરે.
....ધીમી ધીમી

બીજે અને ત્રીજે દરવાજે સોની-કાપડીયાના હાટ છે અને ત્યાંથી જોઈતી વસ્તુ લઈ પછી:

ચોથે દરવાજે વેવાયુના માંડવા કન્યા પરણીને વહેલા આવજોરે.

વરરાજા હજી સોળ વરસના બાળક છે તેથી શીખામણ સાંભળતા સાંભળતા આગળ વધે છે.

રાત્રીનો સમય છે. આગળ, પાછળ અને મધ્યમાં મશાલો ઝત્કાર કરી રહી છે. આગળ વાજંત્રીઓ વાજીંત્રો વગાડી રહ્યા છે. તે પછી પુરુષ સમાજ અને તેની પાછળ વરરાજા ઘોડેશ્વાર અને પાછળ વહુ બેટી સાથે બીજો સ્ત્રી સમાજ, આતશબાજી, ફૂટી રહી છે.

ઘોડી પર બૈઠે શ્રીગોકુલ પતિ મોદ ભરે મન ભારી રે,
આગે ચલી હૈ બારાત રંગીલી દીપ દણ્ડ ઉજીયારી રે.
વહુ બેટી ઘોડી કે પિછે ગાવત મંગલ ચારી રે.
ગાન કરે કોકિલ મૃદુ બાની શોભા બડી અપારી રે.
ભકત સમાજ ત્યાંહા કરત કીરતન તન કી દશા વિસારી રે.
સારંગી મૃદંગ ધુનિ ઉઘટત ઘુમકિટ થઇ ધુંકારી રે.
હારભાવ અતિ ચતુર નાયકા નાચત હે નૃત્યકારી રે.
નૌબત તાશા નટ નાટકિયા નાચત નૃત્ય કલારી રે.
છાત ઝરોખા જાલી ગોખા વ્રજજન ચઢી અટારી રે.
આતશબાજી વિવિધ ભાંતિ કી છુટક હેદ્યુતિ ન્યારિ રે.
સુરજ ચન્દ્રાદિક બહુક્રીડા શંખ ચક્ર ફૂલ જારી રે.
ભયો પ્રકાશ કોટિ દિનકર જ્યોં પ્રસરી કિરણ છટારી રે.
પંખા મોરછલ કરત રસિક જન છત્ર ચમર દોઉ દિશ ઢારી રે.
હાથી ઘોડા અનન્ત સામગ્રી ભીર ઝુરી નર નારી રે.
જાઇ પહોંચે વેણા ભટ્ટજી કી પોરી ગાવત મીઠી ગારી રે.

રૂપાબાઇ કહે છે કે આ વરઘોડો જોતા દેવતા લોકને અતિ આશ્ચર્ય થયું છે. શુક સનકાદિક સ્તુતિ કરી રહ્યા છે, મથુરા નગરમાં કોલાહલ થઇ રહ્યો છે. આવી શ્રીગોકુલચંદની જે જાન મળી છે તેનો પાર પામી શકાય તેમ નથી તેમ રૂપાબાઇ કહે છે.

બીજું સવાર પડવાને વાર છે. જાન અડધે રસ્તે પહોંચી છે, ત્યારે વર પક્ષનો સ્ત્રી સમાજ વેવાઇને કહે છે:-

વેવાઇ હાથી સામા મહેલો મહારાજ

વેણાભટ્ટ તરફના સામૈયું લઈને અડધે રસ્તે આવે છે અને હાથી જોઇ જાનડીયું ગાઇ ઉઠે:

વેણાભટ્ટ વેવાઇના હાથી હોય રે માંદા માણારાજ,
ગુસાંઇજીના હાથી હમચી ખુંદે માણારાજ.

આમ અડધે રસ્તે ઉભય પક્ષનો જન સમાજ ભેગા થાય છે ત્યારે જાણે માનવરૂપી મહાસાગર હોય તેવું દર્શન થાય છે.

હાસ્ય વિનોદ તે ગીત ગાતા ગાતા જાન વેવાઇના માંડવે આવી પહોંચે છે. વેવાઇ પક્ષ તરફથી સન્માન કરાયું, ગીત ગવાય છે:

મારો માન સરીખડો માંડવો,
તમારી જોયા સરીખડી જાન-પધારો વેવાયું
તમને કોણ તેડા મોકલે
તમને કોણ સંદેશે માન-પધારો વેવાયુ
તમને વેણાભટ્ટજી તેડા મોકલે
તમને મહાદેવ ભટદેશે માન-પધારો વેવાયું.

ક્યાંય નીચી કોટીનો શબ્દ નથી. કારણ કે કન્યા પક્ષવાળા છે બોલવામાં જરા પણ ફેર થાય તો વર પક્ષમાં વાંકુ પડી જતા વાર ના લાગે તેથી વેણાભટ્ટના ઘરના જોખી જોખીને શબ્દ બોલે છે.

મંડપમાં દ્વારે કલશની અદલા બદલી થાય છે. મામી સાસુ પોંખવા આવ્યા છે. આરતી કરીને વરજીને મંડપમાં પધરાવ્યા છે. અશ્વ રક્ષકને ન્યોછાવરી આપી વિદાય કર્યો. જાનને ઠંડા પીણા આપી સન્માને છે. પછી તો મંડપમાં અનેક સ્ત્રીપુરુષોની ઠાઠ જામી. યોગ્ય જનોને શ્રીગુસાંઇજીએ પહેરામણી કરી, ગોવિંદ અને અચ્યુતમામા જનાર્દન ભટ્ટ પિતરાઇ મામા, વરણાંક ભટ્ટ માસો, ગણેશ ભટ્ટ, વાસુદેવ વગેરે તથા ભાણેજ ભત્રીજા સગાં વગેરે ઘણાં આવ્યાં મહાવનનો સમાજ, આગ્રાના વૈષ્ણવો, ગુણીજનો, અષ્ટસખામાંના છીત્તસ્વામી, દયાલજી, કમલો ચોખો, લઘુ ગોપાલદાસ, વગેરે પણ આ શુભ પ્રસંગે પધાર્યા. એમ કરતાં જાન વેણાભટ્ટના ત્યાં તોરણે સમય પ્રમાણે આવી પહોંચી, હલદર અને કંકુની ચર્ચા કરી તથા ચાર ઉપાધ્યાયો વેદમંત્રથી અભિષેક કરવા લાગ્યા. તથા જ્ઞાતિ રિવાજ પ્રમાણે લગ્નવિધિ શરૂ

થઇ. જાનનું વેણાભટ્ટે સારી રીતે સન્માન કર્યુ. ઉપાધ્યાયોએ ગોત્ર ઉચ્ચાર કર્યો અને મધુપર્ક કરાવવામાં આવ્યો.

હવે તૈલંગી બ્રાહ્મણોની લગ્નવિધિ સરસ રીતે વિસ્તારથી થવા લાગી. જેમ પાણીના પ્રવાહને રોકતાં તે ચારે બાજુ ફેલાય છે, તે પાણી પેઠે ન થતાં આ સોલ વર્ષના શ્રીપ્રભુનો રસ હવે સ્વકીય પત્નીમાં ન્યામીક થયો. તેથી આપશ્રી એક પત્નીવ્રતધારી થયા. આ લગ્ન કરવામાં પોતાના ભક્તોનું હિત હતુ, માટે શ્રીપ્રભુએ લગ્ન કર્યું.

જેમ રોકીયે છે રસરાસને, ફેલી ચાલે તે ચોહો પાસને. ૫૭
મહા નાયકને ન્યામીક કર્યું પાણી ગ્રહણ નામ એહને ધર્યું. ૫૮
એ સ્વકીય હિતે કરૂણા કરી એહવી ભુતલ લીલા આચરી. ૫૯

હવે ચોરીની વિધિનું વર્ણન છે. આવી વૈદિક વિધિ વિસ્તારથી શ્રીપ્રભુએ કેમ કરાવી તેનું કારણ આ પ્રમાણે છે:

ઉત્સાહ આનંદ પ્રમોદ પ્રસન્ન, ઉલટ હરખ ને પ્રગટ્યો મન. ૬૪
એ સહુ આધિ દૈવિક સ્વરૂપે, ત્રપતિ કર્યા શ્રીગોકુલ ભૂપે. ૬૫
કર્મ કર્માંતરે શ્રુતિ-સ્મૃતિ સર્વ, સંતુષ્ટ થયા સહુ એણે પર્વ. ૬૬
મથુરાની પહોંચી મનરલીય, અલૌકિક આશા એહોની ફલીય. ૬૮
ભક્તના ભાવ તણું શું કહીએ, જે મનોરથનો પાર ન લહીએ. ૬૯

સૌ હવે નવલ વરવધૂનાં માનસ દર્શન કરી આપશ્રીના શ્રીચરણકમલને વંદન કરે છે.

એહવા જોઇ બેહુ રૂપ રસાલ, ચરણે લાગે દાસ ગોપાલ. ૭૫
જમનાદાસ તે હરખે ભરીયા, પ્રભુએ મનોરથ પુરણ કરીઆ. ૭૬

હવે કન્યાદાનનો સમય થયો, ત્યારે ગૌર બોલ્યાં: કન્યા પધરાવો સાવધાન

વહુજીને પધરાવી તેના ભાભી મંડપમાં લઇ આવે છે ત્યારે કન્યા પક્ષવાળી સ્ત્રીઓ ગીત ગાતા વહુજીનું વરણન કરે છે. વહુજીની ઈચ્છા શું છે તે વેણાભટ્ટને સંભળાવે છે:

પહેરી નવરંગ સુંદડી પાયે ઝાંઝરનો ઝમકાર
માંડવામાં આવે લટકતા લટકતા
બેનની ચુંદડી છે સવા લાખની, બેનની ચોલી છે મોંઘા મુલની

તોય બેનીને પાનેતરનો શોખ બેનીને પાનેતર નો શોખ
માંડવામાં આવે લટકતા લટકતા
બેનનો હાર છે સવાલાખનો બેનની માલા છે મોંઘા મોલની
તોય બેનીને વરમાળાનો શોખ બેની ને વરમાળાનો શોખ
માંડવામાં આવે લટકતા લટકતા

વર-કન્યા સામ સામા બિરાજ્યા છે. વેણાભટ્ટે કન્યાદાનનો સંકલ્પ કર્યો. હસ્ત મેળાપથયો, તે સમયનું અદ્દભૂત વર્ણન છે.

વરજી ત્યાં પાણિ ગ્રહન કરે પણ અંતરપટ આડું ધરે
વહુજી વિહાવલ વ્હાલાને રસે જોઉં વરજીનું મુખ કઇ મીસે
અંગે આતુરતા અન અનુસર્યા પછે પરસ્પર થયે દુ:ખ વિસર્યા,
કર સ્પર્શી રહ્યો છે તેહ સમય તે સુખ અંગ અંગ સહુમા રમે.

હસ્ત મેળાપ થઇ ગયો. અને લગ્નનો સમય થઇ ગયો, ત્યારે ઘંટાનાદ થાય છે. માંડવામાં જાનૈયા અને માંડવીયા બેઠા છે. અહીં ગીતોની રમઝટ બોલી રહી છે. કન્યા પક્ષવાળા તેમની સખીને શું કહે છે તે સાંભળીએ

તે પુંજી ગોર સોહાસણી વર પામી શ્રીગોકુલધણી,
સાસરા સમ ભુતલ કો નહીં તેહને હું સરાહું શું કહી,
સાસુ પામી શ્રીપદ્માવતીજી મહાસુખદ અને શુભમતી અતિ,
મહાભાગ્ય સકલ તારું ફલ્યુ, તે કેણે નવ જાયે કહ્યું,
કન્યા દિસના ગાએ તે સમે જેહવું તેહના મનને ગમે.

તૈલંગી લોકાચાર પ્રમાણે વરજી પોતાના ઘરના આભુષણ વહુજીને પહેરાવે છે. માહરામાં પધારી કુલદેવતાનું પુજન કરી લગ્ન નિમિત્તે હોમ થાય છે. અને ફેરા ફરવાનો પરમંગલ સમય આવ્યો છે. ૩ મંગલ વર્તી રહ્યા અને જ્યારે ચોથા મંગલ વરતવાનો સમય થયો ત્યારે વરપક્ષના ઉલટનો પાર નથી. ચોથું મંગલ વરતાય તે પહેલા કન્યાજીનો ભાઇ પોતાનું દાપુ માંગે છે મુખ્ય ગોર લક્ષ્મીનાથ છે તેને પણ ગોવિંદમામાએ અમૂલ વસ્ત્રો આપી પ્રસન્ન કર્યા. વહુજીની કમલાબેન છે તેને પણ વર પક્ષ તરફથી સાડી આપી છે. અનદ પછી ચોથુ મંગલ વરતી, સપ્તપદીની પ્રતિજ્ઞા લઇ વિવાહ વિદિ પુરો થયો છે અને

નવદંપતિની આરતી થઇ છે. ત્રણે ભુવનમાં જય જય થઇ રહ્યો છે. દેવ, દાનવ અને માનવ આશીષ દઇ રહ્યા છે. એક સહુની શ્રીગોકુલેશજીએ આશા પુરણ કરી છે.

પરણિને હવે વરવધુ ગૃહ પ્રવેશ માટે પોતાના ભવને આવ્યા છે. અહીં બહેન દરવાજો રોકીને ઊભા છે. તેમને યોગ્ય પહેરામણી આપી નવદંપત્તિ ગૃહપ્રવેશ કરે છે. અહીં સરસ્વતી પૂજન થાય છે અને હોમ કરી અગ્નિનો મનોરથ પણ પુરણ કર્યો. દહીં અને પકવાનનું ભોજન નવદંપત્તિ કરે છે. પુરણતા મળે તે માટે વહુજીનું અલૌકિક લક્ષ્મીનું સ્વરૂપ સમજી તેમના હાથ દૂધ દહીંના પુરા ભરેલા મથનામાં મુકાવે છે.

આમ ગૃહ પ્રવેશ ઉત્સવ કરી ફરી વરરાજા સાસરે પધાર્યા. લગ્ન નિમિત્તેના ભોજન સમારંભના નોતરા દેવા શ્રીગુસાંઇજી અને વેણાભટ્ટ જ્ઞાતિજનના ઘરે પધાર્યા છે. ભોજન સમારંભ માટે વેણાભટ્ટને ત્યાં અનેકવિધ સામગ્રી થઇ રહી છે.

કુલાચાર પ્રમાણે વર વધુ એક બીજાના પરિવારને હલદી લગાવે છે. વહુજીએ શ્રીગુસાંઇજીને હલદી લગાવી છે. વરજીએ પોતાના સાસરી પક્ષનાને હલદી લગાવી છે. હલદી લગાવવાનું પુરુ થયા પછી શ્રીગુસાંઇજી પોતાના પરિવાર સહિત પંગતિએ બિરાજ્યા છે. નવદંપત્તિ પંગતની વચ્ચે બેઠા છે. ગોવિંદમામા, શ્રીગિરધરજી વગેરેની પાતલ શ્રીગુસાંઇજીની નિકટ છે. આમ જ્યાં જેનો અધિકાર છે ત્યાં તેઓ બેઠા છે. વરમાતા વેવાઇના ઘરનું પટોળું પહેરીને પહેરીને સર્વને ઘી પરોસી રહ્યા છે. ઘી પરોસાઇ રહ્યા પછી વરજીએ વહુજીને ઘીથી આચમન કરાવ્યું છે. અનેકવિધ સામગ્રી પરોસાઇ રહી છે. સર્વ જાનૈયા ભોજન કરવાનું શરૂ કરે છે. અનેક જાતના કપટ વારા પકવાન થયા છે.

જે પાટલા ઉપર શ્રીગિરધરજી બિરાજ્યા છે, તે પાટલાને પહેલાથી ગુંદર લગાવી રાખ્યો હતો. જ્યારે જમીને શ્રીગિરધરજી ઊભા થયા ત્યારે તેમની પાછળ પાટલો વળગી રહ્યો છે. આ જોઇ સર્વ સમાજ મશ્કરી કરવા લાગ્યો.

આછા લાકડાની મઠડી કરી છે. તે શ્રીગુસાંઇજીની પાતલીમાં પરોસી છે. શ્રીગુસાંઇજી મઠડી ભાંગે છે પણ ભંગાતી નથી. શ્રીગુસાંઇજીને સંકોચ થયો અને આ જોઇ વેવાઇ પક્ષના મંદ મંદ હસવા લાગ્યાં.

કપાસીઆની બુંદી કરી છે. ગોવિંદમામાને બુંદી ઉપર વધારે રૂચી છે. તેથી તેમને પરોસનારને કહ્યું કે થોડી વધારે મૂકો. પરોસનારો મનમાં કહે છે કે વધારે માંગો છો પરંતુ ખાસો ત્યારે ખબર પડશે. મામા બુંદી મોઢામાં મુકે છે પરંતુ ચાવવા માટે ગાય-બળદનાં દાત જોઇએ. ચવાતી નથી અને હાંસીનો કોઇ પાર નથી. વસ્ત્રીની પુરી કરી તેમા પણ ગોવિંદમામા છેતરાયા.

લાકડાનાં વેરનું રાયતું કર્યુ છે. શ્રીબાલકૃષ્ણજીને રાયતું બહુ ભાવે છે. બીજી વખત ક્યારે રાયતું પરોસવા આવે તે ચોક્કસ ન કહેવાય તેથી શ્રીબાલકૃષ્ણજી વધારે રાયતું પાતલમાં મૂકાવે છે. પરંતુ લેવાનું શરૂ કર્યું ત્યારે ખબર પડી કે આ તો છેતરામણું રાયતું છે. કલીનું શીખંડ અને ગોબરના ચુરીના લાડુ કરી અચ્યુતમામાને પરોસ્યા છે. મોઢામાં નાખતાજ થુથુ કરી ઉઠ્યા અને સર્વત્ર હાંસી થઇ રહી.

જ્યારે બાવળના પાનની ભાજી તો જાન સમસ્તને પરોસી છે. ગુંજામાં જીવતી ચકલી પુરી છે. વરણારક ભટ્ટજીએ ગુંજાને ભાંગ્યું ત્યા તો ચકલીબાઇ ચરરરરર કરતી ઉડી ગઇ. જાનૈયા માંડવીઆને હંસી હંસીને પેટે ખાલી ચઢી ગઇ.

આમ અનેક જાતના કપટના પકવાન કર્યા છે. અને હંસતા હંસતા ભોજન થઇ રહ્યું છે. વેણાભટ્ટના મનમાં આનંદ સમાતો નથી. ભોજન પછી સર્વને બીડા આપી અને વિદાય કર્યા છે.

તૈલંગી રીત પ્રમાણે વરવધુ હલદીનો ખેલ ખેલે છે. કુળદેવતાનું સ્થાપન છે, ત્યાંથી વરજીએ વહુજીને ગોદમાં લઇ આંગણામાં પધરાવ્યા છે. વર વધુ અરસ પરસ એક બીજાને પગે લાગે તેવી રીત છે. કન્યાવારા કહે છે કે વર પહેલા પગે લાગે ત્યારે વર પક્ષના કહે કે કન્યા પહેલા પગે લાગે, કોઇ કોઇને નમતું નથી આપતું છેવટે શોભાજીએ વરજીને સમજાવે છે:

શોભાજી સર્વથકી વડાં, આવ્યાં શ્રીજી કેરે પાસ,
કાને લાગી સુમુજાવીઆં, સુંદર સુખની રાસ. ૧૩
કહ્યું બાબા એ તો તમને નિત્ય નમશે કરી પ્રીત;
પણ હમણાં તો તમો નમો, એહવી છે આપણી રીત. ૧૪
માન્યુ વચન વડચારનું ઉઠ્યા તે લાગવા પાયે,
વહુ તે લાગવા દે નહીં, એ સુખ કહ્યુંઅ ન જાએ. ૧૫
વહુજીએ સહુ કોઇ શીખવે, લાગવા દ્યો પગે આજ,
ચરણ સંતાડે સંકોચ શું, કરે મનમાંહાં ઘણી લાજ. ૧૬
તે સ્પર્શી શકે નહીં તેમ તેમ મન હુલ્લાસ,
મલી મલી ત્યાં સહુ કો કરે મોલ્શું તેણે સમે હાસ્ય. ૧૭
કેમ કેમ કરી શ્રીકરે ગ્રહ્યા વહુજી કેરા જુગ્મ ચરણ,
નીચા થઇ ચરને નમ્યા ત્રિલોકના આભરણ. ૧૮

વલતાં વહુજી ઉઠ્યા લાજશું લાગ્યા વરજી તણે પાય,
અંતર અનુમોદન થયાં જાણી એ અચલ સોહાગ. ૧૯

આમ વર વધૂએ એકબીજાને શ્રીચરણે લાગી પાસે બેસે છે, ત્યારે એ જોડની શોભા દેખી સહુ કોઇ મોહ પામ્યું અને કહેવા લાગ્યા કે

જોડ જોઇને મોહી રહ્યાં, શોભા પ્રગટ હવી ભારી,
વહુજી ભાગ્યે એ વર પામીયાં એહવું કહે નરનારી. ૨૨

હવે શ્રીપારવતી વહુજી શ્વસુરપક્ષમાં હલદી લગાવે છે તેથી આનંદ છવાય છે. પણ જ્યારે શ્રીગોકુલેશ પ્રભુ પોતાના સાસરાપક્ષમાં હલદી લગાવે છે ત્યારે શ્રીપ્રભુનું મોહક સ્વરૂપ જોઇ મોહપામીને સૌ કોઇ શ્રીઅંગ સ્પર્શવા આતુર બને છે.

કોઇ પરસી પરસાવે છે, કો સન્મુખ કરે આલ,
ગાન કરે તેહ સમયનાં દેઇ દેઇ મીઠી ગાલ. ૩૪
અંતર અભિલાષા જેહને તેહના હરે પરિતાપ,
વેણાભટ્ટ સહુ પુરૂષને હલદી લગાવે છે આપ. ૩૫

આ વખતે ઘણું હાસ્ય પ્રગટ થાય છે. ત્યારે ભદેશડા હાર (નાની નાની ફુલમાળાઓ) એકબીજાને પહેરાવે છે. તેલ-સુગંધી મસ્તકમાં ભરાય છે.

તૈલંગી બ્રાહ્મણ જ્ઞાતિમાં લગ્ન બાદ કાપડાની ગાંઠ છોડવાનો રિવાજ છે. આ રિવાજ લૌકિક છે પણ અહીં અલૌકિક રીતે વર્ણવે છે.

અહીં વધૂને જે કાપડું પહેરાવ્યું છે તેની કસ (દોરી) ને ગુંદર-અડદનો લોટ વગેરેથી રગદોળી બંધ બાંધ્યા ને વહુને પૂર્વ દિશા તરફ, ને વરને પશ્ચિમ દિશા તરફ બેસાડ્યા. પછી પીઠ તરફ જોયા વગર કસ છોડવા કહ્યું. વહુ ના હાથમાં દર્પણ છે તે દર્પણમાં જોઇ વરજી કંચુકીની કસ પકડી છોડવા પ્રયત્ન કરે છે, પણ કસ છુટતી નથી, તે વખતના શ્રીજીના સ્વરૂપનું સુંદર વર્ણન આ પ્રમાણે છે.

તે જાણે કનક કમલમાંહાં મધુપ-ખંજન અને મીન,
ઉરઝયા તે તલફે ઘણું થઇ એ રસ-આધિન. ૪૯
પછે ગોરી ભોલી ગુવંતી એ ગુણનિધિનો કર જમણો,
આરસી કરજુત આપણે ગ્રહી રહ્યાં તે સોહામણો. ૫૦

ચતુરવરે ચંચલપણે પરસી ભુજ તણી સ્કંધ,
વામ પાણિએ વામાતણું છોડે કંચુકી કેરાં બંધ. ૫૧
કર પરસે કરને હવી કમલની ઉપમા રસાલ,
ઉભય રોમાંચિત તેહથી કંટક સહિત સનાલ. ૫૨
કર સ્પર્શેથી ઉભય ઉર ઘનરૂપ ઉમગ્યો પ્રેમ,
પ્રહસિત વદને પ્રગટ હવી કુસુમ વૃષ્ટિ અણનેમ. ૫૩
દંત પંક્તિ ચલકે ઘણું વિદ્યુત્ લતા અનુહાર,
એહવી અમોઘ વૃષ્ટિ થકી વાધ્યા તે પુર અપાર. ૫૪

હવે આરસીમાં બન્ને સ્વરૂપ વર્ણવતા એમ સમજવું કે જેમ સૂરજનો પ્રકાશ જગી રહ્યો હોય અથવા ચંદ્ર અને ચકોર શોભી રહ્યા હોય એવી શ્રીગોકુલેશ પ્રભુ અને શ્રીપાર્વતી વહુજીની જોડ શોભે છે; તે વિશેષ વર્ણવતાં કહે છે કે

મધ્યે શ્રૃંગારકલ્પતરૂ ને કનકલતા બેહુ રાજે,
પાખલ ફરતી સુંદરી કમલની વાડ બીરાજે. ૬૫

વચ્ચે પ્રભુ ને વહુજી અને આગળ પાછળ ગોળ કમળ સમાં સ્ત્રીજનો, વિવાહમિષે ગાલ મિશ્ર ફટાણાં ગાવા ઈચ્છે છે પણ પ્રભુના સ્વરૂપમાં લીન થવાથી તે બોલી શકતાં નથી. પણ તેમના લોકોત્તર ગુણ ગાવા લાગે છે અને કૌતુક કરતી બોલે છે

છોડો લડેતા દોરડું કાં ઉપરણો ભીનો ?
અતિ સુકુમાર શ્રમે ભર્યા પરસતા આવ્યા પસીનો. ૯૮

શું કસ છોડવામાં બહુ શ્રમ પડે છે ? શરીર ઢીલું કેમ થયું ? ગાત્રે પસીનો વળી ગયો, મુખ લાલ થઈ ગયુ, આટલા અકળાવો છો કેમ ? ન છુટે તો કસ કાપી નાખો ? અમે તો સાંભળ્યુ છે કે

નામ તમારૂ સાંભળ્યુ ભુવ તણા બંધન છોડ,
બંધન છોડો તની તણું અમને જોવાનું કોડ. ૧૦૨

જો તમારાથી ન છુટે તો તમારા માતાપિતાને બોલાવો, બલવંત એવા ભાઈઓ અને બુદ્ધિવંત એહવી બહેનોની સહાય લો ! તમે પોતે જ ભલભલા કામવશને નિષ્કામ કરો છો તો આ કસને છોડતાં કેટલી વાર ! અરે દાંતથી કસ તોડો, કુંવરીને પગે લાગો એટલે કસ છુટશે. જુઓ આ કુંવરી તમારી

નિર્બલતા દેખી કેવી મનમાં હસે છે! હમણાં ન છોડી શકો તો મોટા થાઓ ત્યારે છોડજો, આંખ શાને અશ્રુથી ભરો છો! કંઇ પૂર્વે સુકૃત કર્યું હોય તો યાદ કરો તેથી કસ છુટશે, ને કંઇ ન બને તો આ કુંવરીની આસપાસ સાત પરિક્રમા એક પગે ચાલીને કરો અને તેના ડાબા પગનો સ્પર્શ કરો, અથવા તમે હાર્યા એમ કહો, બે હાથ જોડો તો અમે તની છોડતા શીખવીએ!

આ કૌતુક રસ એવો જામ્યો કે દેવતાઓ ને શ્રીશુકદેવજી અંતરીક્ષથી તે જોઇ વિસ્મય પામ્યા અને ધ્યાન મૂકી પ્રભુનું કીર્તન ગુપ્તતાથી કરી રહ્યાં.

શુકજી આદિ જે સ્વમાર્ગી જોઇ જોઇ વાત રસાલી,
ગાન ગુપ્ત કરી તે સમય ધ્યાન ધારના ટાલી. ૧૨૩

આમ રસ-કૌતુક ચાલી રહ્યું છે તેટલામાં શ્રીપ્રભુએ કસ છોડી. ત્યારે જય જયકાર થવા માંડ્યો. જ્યારે ગાંઠ છૂટી ત્યારે વરપક્ષનો ગુજરાતી સમાજ બોલી ઉઠ્યો કે:

તેણે સમય સન્મુખ રહી ગાયે ગુજરાતીનો સાથ,
ઉલટભર એમ ઉચરે જીત્યું જીત્યું વ્રજનાથ. ૧૩૮
ગાંઠ એહોને છોડતાં વાર ન લાગે લગાર,
એહ રસ અનુભવ હિતને અર્થે વિલંબ કર્યો તેણીવાર. ૧૨૬

ગાંઠ છોડતા વાર લાગવાનું કારણ એ છે કે, જે રસ અનુભવ થઇ રહ્યોં હતો, તે રસ પિરસવાને માટે વિલંબ થઇ રહ્યોં હતો.

કંચુકીબંધ લીલા પછી આ નવલી-જોડે સ્નાનાદિ અભ્યંગ શ્રૃંગાર કર્યા અને એકબીજાને હલદીથી રંગ્યા. પછી ત્યાંના રિવાજ પતાવી આ સઘળી જાન ઘેર જવા વાજતે ગાજતે ઉપવા તૈયાર છે. શ્રીગુસાંઇજી સર્વ પરિવાર સહિત પોતાના ભવને પધાર્યા છે. આમ ચાર દિવસ સુધી નિત્ય અભિનવ ખેલ વેણાભટ્ટના માંડવે ખેલાઇ રહ્યા છે. આંખ મીંચીને ઉઘાડી ત્યાસ તો જેઠ વદ ૬નો દિવસ આવી લાગ્યો અને હવે વેણાભટ્ટ કન્યાજીને સાસરે વિદાય કરે છે.

દિકરીને સાસરે વળાવવાનો કરૂણ પ્રસંગ વજ્ર હૃદયના માણસની આંખમાં પણ આંસુ લાવી દે છે. દિકરીને સાસરે વળાવે છે તેથી એકઆંખમાં હરખના આસું છે તો બીજી આંખમાં શોકના આસું છે કારણકે દિકરીને આજે પારકે ઘરે સદાયને માટે મોકલવી છે.

વેવાઇ તાહારે ઘેર તે આશી રૂડીપેર મંડપ તણીએ,

અખીલ ભુવન તણો નાથ પધાર્યા ગોકુલધણીએ. ૨૩

દરેક માતાપિતાને પોતાની પુત્રીને ઘરેથી સાસરે પ્રથમવાર મોકલતાં જે દુ:ખ થાય છે તે અકથ્ય છે. તેવી રીતે પુત્રી પણ પિયર છોડતાં દ્વિધામાં મુકાય છે. એક બાજુ માતાપિતા વગેરેનો સ્નેહ અને બીજી બાજુ જીવનની નવી વાટમાં પગરણ માંડવાનું સુંદર સ્વપ્ન.

વેણા ભટ્ટને વલ્લભ ઘણું મન કુંવરી વસે એ;
નથણ સજલ થઈ આવ્યાં અને ઉર ઉધ્રસે એ. ૪૦
કુંવરી જુએ ફરી ફરીને પીયરને પ્રેમે ધરીએ,
જાન સકલ સોહાસણી ચાલે તે રગ ભરીએ. ૪૧
જેમ જેમ ફરી જુએ પીયર પરિવારને એ,
તે જોઇ ધીર રહે નહીં સહુ નરનારને એ. ૪૩

આ વખતે કન્યાની મોટી બહેન કહે છે:-

સમધણ તમને સોપું છું હું કુંવરી કોડે ભરી એ,
દુભવસો મા ક્ષણું એહ રાખજો પ્રેમે કરીએ. ૪૬
ખીજશો મા એક લગાર વિનય કરું વલી વલીએ,
સાસુ તમો ગાલન દેશો એ ગાલે થાસે ગલગલીએ. ૪૭

આમ કહેતાં તેની આંખમાં અશ્રુ આવી ગયાં તેથી આગળ બોલી શકી નહીં. હવે જાન વેણા ભટ્ટના ત્યાંથી ચાલી. જુદા જુદા પ્રદેશનાં સ્ત્રીયૂથો પોતપોતાની બોલીમાં વિવાહ-મંગલ ગાવા લાગ્યાં. શ્રીલક્ષ્મીજી આ જાનની સમૃદ્ધિ જોઇ શરમાયા અને દેવો-મુનિઓ ખુશ થતાં પુષ્પોથી વર-વધૂને વધાવવા લાગ્યા. જાન ઘેર આવી. વેણા ભટ્ટે દાયજામાં અતિ કિમતી ઘોડી આપ્યો છે, તે ઉપર સવાર થઇ વરરાજા વિદાય થયા અને વહુજીને આગળ બેસાડ્યા હતાં, તે ઘોડીથી નીચે ઉતર્યા ને જ્ઞાતિ રિવાજ મુજબ વિધિ થઇ.

એટલામાં વેણાભટ્ટ શ્રીગુસાંઇજીના ત્યાં આવ્યા અને કિંમતી પહેરામણી આગળ ધરીને બોલ્યા કે:-

એણી પેરે કરી પહેરામણી ભલી પેરે ભાવસું એ
વેણોભટ્ટ વિનય કરીને ઉભા રહ્યાં ચાવસું એ. ૮૬
શ્રીગુસાંઇજીની આગળ કર જોડી અને એ,
દીન વચન કહી કહી અને કીધો વિનય એ. ૮૭

ચન્દ્ર સાહમો જેમ સુત્રનો તાંતણો કીજીએ એ,
તેમજ કર્યું છે મેં આજ રાજ માની લીજીએ એ. ૮૮
બેટી આપી છે મેં રાજના ઘરતણા કાજને એ,
મારી તો સકલ પ્રકારની લાજ છે રાજને એ. ૮૯

આમ અખૂટ મોટી પહેરામણી આપવા છતાં જેમ ચન્દ્ર આગળ કિરણ રૂપ એક તાંતણો મેં ધર્યો છે. એમ દીન વચન વેણાભટ્ટને બોલતા આંખમાં જળજળીયા આવી જાય છે. અને આગળ બોલી શકતા નથી. જે સભા મળી છે તે પણ જોઇને અશ્રુભિની થઇ રહી છે. આ જોઇને શ્રીગુસાંઇજી બોલ્યાં:

એ કુલવધૂ કુલમંડન ભૂષણ ઘર તણું એ,
માહારા કુલનું તારણ શું કહું ઘણું ઘણુંએ. ૯૨
સામગ્રી તો અનંત તમો આણી ધરી એ,
આજ લગી તો એણી પેરે તો કેણે નથી કરી એ. ૯૩

પછી પિયરપક્ષની સ્ત્રીઓએ શ્રીપારવતીજીને શિખામણ આપીને શ્રીશોભા બેનીજીને શ્રીપારવતીજીને સોપ્યા,

સાસરે ડાહ્યા થઇ રહેજો ને રહેજો સાસુની રૂચી માંહા એ,
સાસુજી કહે તે કરજો ને બેસજો કહે ત્યાંહાં એ.

આમ કહેતા કહેતાં સખીઓ ગદગદ કંઠ થઇ ગઇ. અને રૂદન કરવા લાગ્યા. કન્યાજીનો ભાઇ પણ બહેનને કહે છે કે આ તમારા નણંદ સુજાણ છે. તમે એનાથી હળી મળીને રહેજો. અને આ પરિવારતો પરમ પનોતો છે. તમારા સસરાનું તો હું કાં વર્ણન જ નથી કરી શકતો. તમે ભાગ્યશાળી છો કે તમને આવું ભવ્ય સાસરૂં મળ્યું છે. પછી ભાઇને પણ વિદાય કર્યાં છે. ત્યારે શ્રીશોભાજી એમ બોલ્યા:

વાત્સલ્ય કરી બોલાવ્યાં તે લીધઅ ઉર ધરી એ. ૧૦૩
એહ અમારે સર્વસ્વ ને નયનની પુતલીએ,
એહને અમો કે દુરાવશું કહુઅ તે વલી વલીએ. ૧૦૪

આ વખતે બ્રાહ્મણો પંડિતો પુરોહિતો કવિઓ ગુણીજનો અને જે કોઇ માંગવા આવ્યા તેમને જે માંગ્યુ તે આપી સૌને શ્રીગુસાંઇજીએ સંતુષ્ટ કર્યા. આ સર્વ જે આશા લઇને આવ્યા હતા તેથી અનેક ગુણું તેમને મળ્યું છે અને આશીષ દઇ દઇ સહુ વિદાય થયા છે. કુટુંબના સર્વ લોકોએ વહુજીને ખોળામાં લઇ

હુલરાવીયા છે. શ્રીગુસાંઇજી તો વહુજીને લઇ આનંદના અતિરેકમાં અનુસંધાન ભૂલી નાચી ઊઠ્યા છે. વર વધૂ પર ન્યોંછાવરી થઇ રહી છે. મીંઢોળ છોડી શેરો ઉતારી શ્રીયમુનાજીનું પૂજન માટે કિનારે પધાર્યા છે. યથા યોગ્ય શ્રીયમુનાજીનું પૂજન કરી ફરી વરવધૂ વેણાભટ્ટને ત્યાં ગયા અને કુટુંબ સાથે પઠવણીનું ભોજન કરી ફરી ઘરે પધાર્યા છે.

હવે વાજીંત્રી સહિત સર્વને વિદાય કર્યા, વિવાહ ખેલનો મથુરાને અનુભવ કરાવી મથુરાને શોભાયમાન કરી છે. અને અનેક પ્રકારે નૌતન લીલા મથુરામાં કરી રહ્યા છે.

એમ નિત્ય નૌતન નવલ દુલહ રાજે છે એ,
પતિવ્રતાનો પતિ એ તે પ્રેમે બિરાજે છે એ.

મહા મહીના સુધી ૨ વખત વેણાભટ્ટને ત્યાં ભોજનને પધાર્યા છે. શ્રીગુસાંઇજી ને વહુજી અતિ પ્રિય છે. વહુજી પણ ગોણા પછી કદી સેવા છોડીને પીયર નથી પધાર્યા.

એણીપેરે હવો વિવાહ મહારાજ રાજેશ્વર તણે એ.
રંગ રસે રસે ભરી ઉત્સાહ તે ઘણો ઘણો એ,
એહ રસ મહેદ કૃપા થકી ઇચ્છા ને અનુસરી એ,
બુદ્ધિ પ્રમાણે વર્ણન કર્યું તેહ વિસદ કરી એ.

આમ અખિલ ભુવનના નાથ જગતમાં જગત હિતાર્થ પ્રગટ થઇ ગૃહસ્થાશ્રમ ધર્મનો અંગીકાર પ્રેમથી કર્યો છે. ફલ સ્તુતિ કહેતાં ગોપાલદાસભાઇ વ્યારાવાળા કહે છે:

એ રસજે કો ગાએને સુણસે સુણાવસે એ,
એતન મારગી સૌભાગ્યનું તેહને ફલ હોશેએ.

શ્રીવિવાહ-ઓચ્છવનું રહસ્ય શું ?

શ્રીવિઠ્ઠલસુત રસરૂપ તે સુખદ સોહામણો એ,
આનંદદાયક મુલ ને જગત મોહામણોએ. ૧
જેણે જગત હિતાર્થ કાજે એ લીલા અંગી કરી એ,
પાવન પ્રગટ પ્રમેય રસિક મહા રસ ભરી એ. ૨

શ્રીગોકુલેશ પ્રભુના સસરાનું સ્વરૂપ

વેણાભટ્ટ કેરું ભાગ્ય સરાહીએ શું કહી એ,
શ્રીમુખે તેહની સરાહના કરીઅ છે ઉમહી એ. ૯૫
આસ્તિક-પરમ સુશીલ-અરૂ એસો-શુભમતિ એ.
દ્વાદશસ્કંધ શ્રીભાગવતકો પાઠ કરે નિત પ્રતિ એ. ૯૬

લગ્ન ક્રિયા પછી શ્રીયમુનાજીને શ્રીપ્રભુ દ્વારા પૂજન પ્રકાર

શ્રીજમુનાજીને પૂજવા પોધારે સહુ મલીએ,
વાજતે ગાજતે ગાન કરતાં તે મન રલીએ. ૧૨૦
આદર કરી શ્રીજમુનાજીને માન દીધું ઘણું એ,
ભોગ બીડાં, તે સમર્પે વાછલ્ય હિત તણું એ. ૧૨૧

શ્રીગોકુલેશ પ્રભુના શ્રીસ્વામિનીજી શ્રીપાર્વતી વહુજીનું સ્વરૂપ

સૌભાગ્ય શિરોમણિ સાર શ્રીવહુજી તે સર્વદા એ,
શ્રીગુસાંઇજીને પ્રિય પરમ રુચિશું સદા એ. ૧૨૮
માર્ગ પ્રણિત સેવા વિષે સુખદ શિરોમણિ એ,
સર્વગુણે સંપૂર્ણ સાસરે રહ્યાં રુચિ ઘણીએ. ૧૨૯
ગોણાંની રીત વેણે ભટ્ટે આવી કરી આંહાં એ,
પધાર્યાં નહીં સેવા મેહેલીને ફરીઅ પીયર માંહાં એ. ૧૩૮

આમ શ્રીપાર્વતીજીએ પ્રભુ સેવા વિના લૌકિકમાં રંચ પણ મન રાખ્યું નહિં અને શ્રીસેવા આગળ પોતાના વ્હાલસોયા પિતાના દ્રવ્યની અપેક્ષા કરી નહીં. જો કે શ્રીવેણા ભટ્ટ બહુ સમજુ ઉદાર દિલના પંડિત બ્રાહ્મણ હતાં તેથી પોતાની પુત્રીનું સેવા સમર્પણ જીવન સમજી શક્યા હતા, તેથી જે કંઇ લૌકિક ક્રિયા કરવાની હતી તે માટે તેમણે પોતાની દિકરી ને ઘેર બોલાવવાનો આગ્રહ રાખ્યો ન હતો, પણ પોતે શ્રીગોકુલ જઇ કરી હતી.

આમ શ્રીગોકુલેશ પ્રભુ, શ્રીવલ્લભ, શ્રીદાદાજી, શ્રીજી, શ્રીરસિકરસ, વિગેરે અનેક નામોથી સંબોધિત શ્રીસેવા અંગે ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો હતો એનું ભવ્ય વર્ણન આ પ્રમાણે અલ્પ મતી થી વિવરણ કર્યુ.

એક અદ્દભૂત પ્રકાર આ ઉત્સવ સમયે જોવા મળે છે. સર્વ તરફ થી ઉત્સવો છે. શ્રીગંગાદશમી હમણાંજ ગઇ, તેજ દિવસે આપણા ઘરમાં શ્રીયમુનાજીનો ઉત્સવ ઉજવાય છે. બીજા દિવસે નિર્જલા એકાદશી વ્રત, ત્યારબાદ પૂર્ણીમાના દિવસે જ્યેષ્ઠ અભિષેક સ્નાન યાત્રા. જરા આ પ્રકારનો પણ વિચાર આપણે સૌ શ્રીગોકુલેશ ચરણશરણાનુરાગી સેવક-વૈષ્ણવોએ કરવો જોઇએ. શ્રીગોકુલેશ પ્રભુની સર્વ ક્રિયા-સામગ્રી અલૌકિક છે. તે આ પરથી સમજી શકાય.

સંકલન: રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)
દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિવાહ ઓચ્છવના શોભન, ધોળ અને પદ

(શોભન - ૧)

કૃપા કરો જાઉં વારી વારી જી, વિવાહ ગાઊં મંગલ શુભકારીજી. ૧
સોલ વરસના શ્રીગોકુલબિહારીજી, શ્રીવિઠ્ઠલજીએ જોયું મન વિચારીજી. ૨
શોભાજીને વાત પૂછી શુભકારીજી, શોભાજી તે બોલ્યાં વચન વિચારીજી. ૩
વેણા ભટને ઘેર છે સકુમારીજી, રૂપ ગુણમાં તે રઢિયાળીજી. ૪
સાત વરસની છે સકુમારીજી, મીટડી તે ભરી ભરી નિહાળીજી. ૫
સુંદરી તે મારા ચિત્તમાં આવીજી, સજ્જન સહુકોને મન ભાવીજી. ૬
શ્રીવિઠ્ઠલજીએ એ કન્યા નિરધારીજી, રૂપાંબાઈ જાએ વારી વારીજી. ૭

(શોભન - ૨)

પ્રસન્ન થયા તે પ્રભુજી ઘણું, હરખ્યો તે સઘલેડો સાથજી;
ગોવિંદ મામા તેડાવીને, પૂછી વિવાહ તણી વાતજી. ૧
વહેલા થાઓજી વેગા હવે, કરવાં છે મોટેરાં કાજજી;
હૈયલડામાં ઘણું હરખીને, વચન બોલ્યા વ્રજરાજજી. ૨
મથુરાં તે નગરીમાં આવીને, કીધી વિવાહ તણી વાતજી;

સન્માન દીધાંજી અતિ ઘણાં, હરખ્યો છે કન્યાજીને તાતજી. ૩
વેણા ભટે મન વિચારિયું, એ છે મોટેરી પેરજી;
શ્રીગોકુલચંદ શ્રીવલ્લભવર, આનંદે આવશે ઘેરજી. ૪
કુંવરી કારણરૂપ પ્રગટિયા, એ વાત મન માંહે જાણીજી;
ત્રિભુવનપતિ વર પામિયાં, એ કહીએ વ્રજની રાણીજી. ૫
વિવાહ માગીને ઘેર આવીયા, બેઠા શ્રીવિઠ્ઠલ તાતજી;
કહોજી વેહવાઈએ શું કહ્યું, પૂછે છે સઘડેલો સાથજી. ૬
સન્માન દિધાંજી અતિ ઘણાં, વાત વિવાહ તણી સત્યજી;
પ્રસન્ન થયા પ્રભુજી ઘણું, હૈયલડે હરખ તે અત્યંજી. ૭
કંકુના છડા દેવરાવીઆ, મોતીના ચોક પુરાવ્યાજી;
શ્રીવલ્લભવરનો વિવાહ મલ્યો, સોહામણી ગાવાને આવેજી. ૮
પદ્માવતી માતા પધરાવીયાં, સર્વ પરિવાર ત્યાં સોહેજી;
ભૂતલ એવો વર કો નહીં, દીઠડે ત્રિભુવન મન મોહેજી. ૯
શ્રીવલ્લભ વરનું વદન જોઈ, જમુલે ન આવે કોએજી;
હૈયલડામાં ઘણું હરખીને, રૂપાંબાઈ એ લીલા ગાયેજી. ૧૦

(શોભન - ૩)

એમ બોલ્યા શ્રીવિઠ્ઠલજી તાતજી, શોભાજીને પૂછી તે વાતજી. ૧
જોષીજી ઉતાવલો આવેજી, શ્રીવલ્લભવરનાં લગન લાવેજી. ૨
આદર તે અતિ ઘણો થાએજી, જોષીડાને વેગો તેડી જાએજી. ૩
જોષીજીએ વિચાર્યું ત્યાંહાં મનજી માતાજીએ જનમ્યો તે હું ધન્યજી. ૪
એહ છે મોટેરી વાતજી, તેડે શ્રીવિઠ્ઠલજી તાતજી. ૫
જોષીજી ઉતાવલો આવ્યોજી, શ્રીવલ્લભવરનાં લગન તે લાવ્યોજી. ૬
જોષીજી જોજો મન વિચારીજી, એમ બોલ્યાં શ્રીવિઠ્ઠલજીની રાણીજી. ૭
લગન રૂડું ત્યાંહાં આવ્યુંજી, સર્વે પરિવારને મન ભાવ્યુંજી. ૮
સંવત સોલસેં ચૌવીસીજી, અસાડ વદિ બીજ ને રૂડો દિવસજી. ૯
દામોદરદાસી કૃષ્ણદાસી હરખેજી, શ્રીવલ્લભવરનું વદન નિરખેજી. ૧૦
શોભા શોભે છે રસાલજી, પરણે છે શ્રીરૂક્મણિજીનો લાલજી. ૧૧
શ્રીવિઠ્ઠલજીને મોન મોદ ન માયેજી, હરખભર્યા સમધીને ઘેર જાએજી. ૧૨
આગલ ચાલે તે વરજીનાં માતાજી, પૂંઠે તે સઘલેડો સાથજી. ૧૩
તે વહુજીને ખોળે બેસાડેજી, ને સાસુ સસરાને દેખાડેજી. ૧૪
આપણાં કૃત કૃત સઘલાં થાએજી, રૂપાંબાઈ નીરખી હરખી ગાએજી. ૧૫

(શોભન - ૪)

કન્યા માંગીને ઘેર આવિયા, વેગે શ્રીવિઠ્ઠલ ભૂપજી;
શ્રીવિઠ્ઠલસુત અતિ લાડકો, ત્રિભુવન મોહન રૂપજી. ૧
સકલ શાસ્ત્રનું સિદ્ધાંત તે રીત ભલી ભલી થાએજી;
માંડવો પરમ સોહમણો, શોભા તે લહેરડે જાએજી. ૨
ત્યાંહાંરે બેઠા શ્રીગોકુલનાથજી, પ્રગટયો કોટિ પ્રકાશજી;
સેવકજન સુખ પામીયા, પુરી છે મનતણી આશજી. ૩
માંડવડેરે વિદ્યોગતે કૃત્ય તે સઘલેડાં થાએજી;
આવે તે વ્રજ કેરી સુંદરી, મધુરે સ્વરે મલી ગાએજી. ૪
સજ્જન (સાજન) દીસેરે શોભિતા, શોભા તે કહીય ન જાયજી;
વાજિંત્ર વાજેરે અતિ ઘણાં, ત્રૈલોક્ય હવો જય જયકારજી. ૫
કલિયુગમાં કરુણા કરી, પ્રગટયા પુરણ રસગાતજી;
શ્રીવલ્લભવરનું વદન જોઈ, હરખ્યા શ્રીવિઠ્ઠલ તાજી. ૬
એહના રૂપનું શું વર્ણન કરૂં, એહ છે સર્વની શરગારજી;
અંગોઅંગની છબી શી કહું, શોભા તણો નહીં પારજી. ૭
અરુણ અધર છબી શી કહું, અંબુજ નયન વિશાલજી;
કેસર તિલક સોહામણું, લાંબી તે વેણ વિશાલજી. ૮
ગૌર સુંદર અંગ શોભિતું, શોભિતા કંઠે મનોહર હારજી;
કોટિક રવિ શશિ વારણે, કુંડલનો ઝણકારજી. ૯
કુંવરી છે સર્વ શિરોમણિ, કુંવર છે રસીકશિરોમણિ રાયજી;
કંદર્પ કોટિક લાવણ્યે, રૂપાંબાઈ બલિહારી જાયજી. ૧૦

(શોભન - ૫)

આ કૃપારે કરો પ્રભુજીય તમો એ, વર્ણવું રૂપ અનુપએ,
શ્રીગોકુલભૂપતિ જાનનું એ. ૧
આ નવલકિશોર તે વર થયા એ, ચહુંઓર ચમર ઢોળાયે,
આ ભગવદી છત્ર ધરી રહ્યા એ. ૨
આ જયજયકાર ત્રૈલોક્યમાંએ, ગાજ્યું શ્રીગોકુલ ગામ,
આ કોટિકામ લાજી રહ્યા એ. ૩
આ પંચ શબ્દ વાજે તાલ પખાવજ એ, સુંદર નફેરીના નાદ,
આ શરણાઈ સાદ સોહામણા એ. ૪
આ મળિયાં તે વ્રજ કેરી સુંદરી એ, હરખે તે મંગલ ગાય,
આ આશ્ચર્ય થાયે, જોવા દેવતા એ. ૫

આ શુક સનકાદિક સ્તુતિ કરે એ, કૃપારે કરો વ્રજરાજ,
આ કાજ દીજે દાસને દયા કરી એ. ૬
આ સાબેલા અતિ શરગારીઆ એ, નવલ લહું ઘોડે અસ્વાર,
આ જાનનો પાર તે નવ લહું એ. ૭
આ મથુરા તે નગર મોહી રહ્યુંએ, ગાંધર્વે માંડયું છે ગાન,
આ તાનસું પાત્ર નાચે ભલાં એ. ૮
આ સુખનો તે સાગર ઉલટયોએ, ચહુંદિશે ચાલિયાં પૂર,
આ શૂર ઘણું સર્વ સાથને એ. ૯
આ શ્રીગોકુલચંદની જાન મલી એ, દુંદુભિ છંદ શું બાજે,
આ ગાજે તે ધન નિર્ઘોષશું એ. ૧૦
આ રૂપાંબાઈ જોઈને હરખિયાંએ, નિરખિયા શ્રીવલ્લભવર,
આ મહાભર સુખ જોઈ જાનનું એ. ૧૧

(શોભન - ૬)

શ્રીગોકુલચંદ શ્રીવલ્લભવર, તોરણે આવીઆ એ;
આ આરતી ઉતારે વ્રજનાર તો હરખે (વરજી) વધાવિયાએ. ૧
વલી વલી કન્યાનો તાત તે, આવી ચરણે નમે એ;
શ્રીવલ્લભવરનું વદન જોઈ જોઈ, મનમાંહે ઘણું ગમે એ. ૨
આદર અતિ ઘણો ય તે, માંહ્યરામાંહે પધરાવિયા એ;
ટોકરા બે ચાવલદાલેભરિયા તે પાસે સોહાવિયા એ. ૩
નવલ કિશોર-કિશોરી તે, વેગે પધરાવિયાં એ;
પરમ પનોતિ બેઠી જોડ તે, પાસે રૂડાં ભાવિયાં એ ૪
અતિ શોભિત શ્રીવિઠ્ઠલજીનો સાથ તે, વહુજીનાં લે વારણાં એ;
આભુષણ પેહેર્યાં અંગ તે, સોહિયે અતિ ઘણાં એ. ૫
રૂપતણો નહીં પાર તો, શોભા શી પેરે કહું એ;
પ્રગટિયા કોટિ પ્રકાશ તો કહેતાં કાંઈ નવ લહું એ. ૬
જોવા આવ્યો સઘડેલો સાથ તો, જોડ તે ભલી મલી એ;
સરખા સરખી સમાન તે, જેમ કંચન માંહે મણિ જડીએ. ૭
બીડાં આરોગે શ્રીવ્રજનાથ તો શશિવદની સામું જુએ એ;
નીરખે છે રૂપ અનુપ તો શ્રીગોકુલભૂપનું એ. ૮
ચંદ્રવદનીની ચતુરાઈ દેખી, શ્રીવલ્લભવર જોઈ રહ્યા એ;
મીટડી ન ચાલે નિમેષ, મૃગનૈનીને મોહી રહ્યા એ. ૯
રસિકશિરોમણિ રાય તે, દિસે અતિ રસભર્યા એ;

અતિ રસ ભર્યાં બાલ તે, કોઈએ નવ જાએ કહ્યાં એ. ૧૦
શ્રીવલ્લભવરના મન તણી રીઝ તે, વરણી જાએ નહીં એ;
વહુજીને લીધાં છે ગોદ તે મોદ માયે યે નહીં એ. ૧૧
સુંદરી છે અતિ સકુમારી, તો વલ્લભવરનાં મન હર્યાં એ;
રૂપાંબાઈ બલિહારી જાએ તો એ દિવસથી મન વશ્યાં એ. ૧૨

(શોભન - ૭)

નીલડા વાંસ અણાવિઆએ, જીરે ધવલડા કલાશ ચિત્રાવિયાએ. ૧
કંકુના છડા દેવરાવિયાએ, જીરે મોતીના ચૌક પુરાવિયાએ. ૨
ચતુરવર ચૌરીએ આવીઆ એ, જીરે પારવતીજી પાસે રૂડા ભાવીઆએ. ૩
એ શોભાનો પાર ન કહ્યો જાય એ, જીરે સહસ્ત્ર મુખે કરી શેષ ગાયે એ. ૪
નિગમ તે નિર્મલ જશ બોલેએ, એહવો નહિ ત્રિભોવન જે દીજે તોલે એ. ૫
વેદની ધુની ય લાગી રહી એ, જીરે વ્રજભોમ સઘળી ગાજી રહીએ. ૬
શ્રીવલ્લભર પરણીને ઉઠિયા એ, જીરે મોદ તે મોદ ઘણું ભર્યોએ. ૭
પુષ્પની વૃષ્ટિ કરે દેવો મળી એ, જીરે શોભાની પોહોતી છે મનરલી એ. ૮
નિશાનના નિર્ઘોષ થઈ રહ્યા એ, જીરે શ્રીવિઠ્ઠલજી તાત ફૂલી રહ્યા એ. ૯
અતિ રસભરી વ્રજસુંદરી એ, જીરે નાચે તે સહુય મંડપ ભરી એ. ૧૦
વહુજીની સખી કરે વિનતિ એ, જીરે તમો વરીયાં છો શ્રીગોકુલપતિ એ. ૧૧
ગાંઠ છોડો ચોળી તણીએ, ત્યારે મનમાંહે હસ્યા ત્રિભોવનધણી એ. ૧૨
ગાંઠ છોડો ચોળી તણીએ, ત્યારે મનમાંહે હસ્યા ત્રિભોવનધણી એ. ૧૨
ગાંઠ છોડી સટકે કરીએ, જીરે તેહને વાર ના લાગી ક્ષણ ભરીએ. ૧૩
જીત્યા જીત્યા વ્રજનાથજીએ, એમ ગાય ગુજરાતીનો સાથજી એ. ૧૪
વહુજીને ગોદે લઈ રહ્યા એ, જીરે એ સુખ અલૌકિક તહાં થયાં એ. ૧૫
હરદીનો ખેલ ભલા હવા એ, જીરે પાંચ દિવસ પ્રભુ ત્યાં રહ્યા એ. ૧૬
જીુગલ કિશોર ઘેરે આવિયા એ, જીરે રૂપાંબાઈ મન અતિ ભાવિયા એ. ૧૭

(ધોળ - ૧)- કાંઇ નાનડિયા સરખા વલ્લભવર કુંવારા

કાંઈ નાનડિયા સરખા વલ્લભવર કુંવારા, ઘોડીલે ચઢીયારે, કાંઈ ઘોડીલે ચઢીયારે.
તેડાવો એમના પદમાવતી માતા, શોભા બેન બેની; અચરજ સહુ દેખેરે, કાંઈ અચરજ સહુ દેખેરે. ૧
માગો માગો મારા કુંવર, માગો માગો મારા વીરા, જે જોઈએ તે આપુંરે, કાંઈ જે જોઈએ તે આપુંરે. ૨
માગું માગું મારી માતા, માગું માગું મારી બેની, શ્રીનાથજીની સેવારે, કાંઈ શ્રીનાથજીની સેવારે. ૩
ઘોડીલે ચઢીયારે, શ્રીવિઠ્ઠલજીના નંદ, પુનમકેરા ચંદ, ચહુંદિશ થયાં અજવાળાંરે, કાંઈ ચહું દિશ થયાં અજવાલાંરે. ૪
ઘોડીલે ચઢીયારે, થયો નિશાનનો નાદ, ગોકુલનગર રહ્યું ગાજીરે, કાંઈ ગોકુલ નગર રહ્યું ગાજીરે.૫
કાંઈ મથુરાનગરમાં હાલ પડયો, હલકાર પડયો, શ્રીવિઠ્ઠલેશજાયો આવે છે, કાંઈ ગોકુલનાથ પધારે છે. ૬
ઘોડી ચાલીરે, કાંઈ શહેર બજાર, ઘોડી સ્થંભીને રહી ઉભીરે, કાંઈ સ્થંભીને રહી ઉભી રે. ૭
ઘોડી બાંધીરે, સોનાકેરે સ્થંભે, રૂપાકેરે દાંડે, ઘોડી છંદે છંદે નાચેરે, ઘોડી ઠમકે ઠમકે ચાલેરે. ૮
એ ઘોડીલેરે શ્રીવલ્લભવર અસ્વાર, માતા પદમાવતીનાં મન મોહ્યાંરે, કાંઈ માતાજીનાં મન મોહ્યાં રે. ૯
ઘોડી આવીરે વેણાભટ્ટ કેરે દ્વાર, ઘોડી સ્થંભીને રહી ઉભીરે, કાંઈ સ્થંભીને રહી ઉભીરે. ૧૦
કાંઈ સાસુજી આવ્યાં પાંખવારે, પાંખી માંયરામાં, પધરાવીરે, કાંઈ મંડપની શોભા શી કહુંરે. ૧૧
એઉના મંડપ લહેરડે જાયરે, કાંઈ આનંદ ઓચ્છવ થાયરે, કાંઈ આનંદ ઓચ્છવ થાયરે. ૧૨
વલતાં વહુજીને પધરાવીયાંરે, સોહાસણી મંગલ ગાયરે, ત્યાં બ્રાહ્મણો વેદ પઢી રહ્યારે ત્યાં દેવનાં તે દુંદુંભિ વાગેરે,
કાંઈ મથુરા નગર સહુ ગાજેરે. ૧૩
કાંઈ પાંચ દિવસ પ્રભુ ત્યાં રહ્યા રે, કર્યા રમણ કેલીના ખેલ રે, કર્યા હરદી કેરા ખેલ રે. ૧૪
કાંઈ લાખેણી લાડી લઈ આવીયા રે, એવા જગત ધુતારા શુ નાથ રે. ૧૫
શ્રીવલ્લભવર પરણીને આવીયા રે શોભાબેનીને હરખન ન માયરે; કમલા બેનીને હરખ ન માય રે. ૧૬
કાંઈ દાસનો દાસ કરે વિનતિ રે, મને આપો શ્રીગોકુલવાસ રે; રાખો ચરણકમલની પાસરે. ૧૭

(ધોળ - ૨)-જીરે પાતળી સોટીનો ચાબકો રે

જીરે પાતળી સોટીનો ચાબકો રે, એનું ડાળ નમી નમી જાય;
જીરે ડાળ નમે એમને સૌ નમે રે એમને નમીયા છે વૈષ્ણવજન. ૧
જીરે વેણાભટ લખી કાગળ મોકલે રે, શ્રીવિઠ્ઠલવર વહેલા રે આવ;
જીરે હું કેમ આવું એકલો રે, મારે બહુ રે સુજાતિનો સાથ. ૨
જીરે ઘોડીને સાજન શોભિતાં રે, શોભિતાં સામૈયા અપાર;
જીરે હાથીને જડાવના ઝુલછે રે, શ્રીવલ્લભર કેરા શણગાર. ૩
જીરે હાથી ઉપર સોના પાલખી રે, એની શોભા તણો નહીં પર;
જીરે લીલી ઘોડી ને પીળો ચાબકો રે, એમનાં પલાણે રત્ન જડાવ. ૪
જીરે ઘોડીનો બેસનાર ફાંકડો રે, એમને મોહ્યાં છે વ્રજની નાર;
જીરે સૈભાગ્યવતી ચમર ઢાળે રે, શ્રીવલ્લભવર કેરા શીશ. ૫

જીરે આતસબાજી ઉડી રહી રે, ત્યાંતો નગરીમાં થઈ રહ્યો શોર;
જીરે નગરીના લોકે આવી પુછીયું રે, આ રાયો પરણવા જાય. ૬
જીરે નથી રે રાયા ને નથી રાજીયા રે, એ છે શ્રીવિઠ્ઠલરાજકુમાર;
જીરે રાણી રૂક્ષ્મણીજીના લાલ છે રે, એ છે શોભાબેનીના વીર. ૭
જીરે એમને જઈને ઉતારીયા રે, શ્રીજમુનાજીને તીર;
જીરે વેવાઈ જમશે ઘેબરાં રે, એમના જાનૈયા જમશે કંસાર. ૮
જીરે હાથીને આરનો ખીચડોરે એની ઘોડીને ચણાની દાળ;
જીરે વલ્લભવર આવ્યા તોરણેરે, એમના મંડપ લહેરડે જાય. ૯
જીરે મંડપની શોભા શી કહુંરે, તેનો કહેતાં ન આવે પાર;
જીરે સાસુજી આવ્યાં પોંખવારે, પાંખી માંયરામાં પધરાય. ૧૦
જીરે વળતાં વહુજીને પધરાવીઆંરે, સોહાસણી મંગળ ગાય;
જીરે પાંચ મંગળ પ્રભુ ત્યાં ફર્યા રે સહુ ભક્તને આનંદ થાય. ૧૧
જીરે પરણી શ્રીવલ્લભવર ઉઠિયારે, વરત્યો છે આનંદ અપાર;
જીરે પાંચ દિવસ રહ્યા સાસરે રે, રમિયા હરદી કેરા ખેલ. ૧૨
જીરે દાસનો દાસ જાય વારણેરે, અમને આપો શ્રીગોકુલવાસ, રાખો ચરણની પાસ.
જીરે પાતળી સોટીનો ચાબકો કે એનું ડાળ નમી નમી જાય. ૧૩

(ધોળ - ૩)- મદભર્યો હાથીને લાલ અંબાડી

મદભર્યો હાથી ને લાલ અંબાડી, ફુલડાંનો સેહરો મેલો વલ્લભવર,
ગોકુલોના રાજવી; ગોકુલના રાજવીને મથુરાના પાટવી.
શોભા બહેનજીના વીરરે-વલ્લભવર ગોકુલના. ૧

તમને તે કોણ કોણ કહાવી મોકલે ? તમને તે મોહનભાઈજી કહાવી કહાવી મોકલે,
જોઈએ તો સમૃદ્ધિ અમારી લેજો. ગોકુલના. ૨

તમને તે કોણ કોણ કહાવી કહાવી મોકલે ? તમને તે ગોકુલભાઈજી કહાવી કહાવી મોકલે,
જાનૈયા જોઈએ તો અમારા લેજો. ગોકુલના. ૩

તમને તો કોણ કોણ કહાવી કહાવી મોકલે ? તમને કો માધવદાસ કહાવી કહાવી મોકલે,
કાંઈ છત્ર જોઈએ તો અમારૂં લેજો. ગોકુલના. ૪

તમને તો કોણ કોણ કહાવી કહાવી મોકલે ? તમને તે મોટા ભાઈજી કહાવી કહાવી મોકલે,
સુખપાલ જોઈએ તો અમારી લેજો. ગોકુલના. ૫

તમને તો કોણ કોણ કહાવી કહાવી મોકલે ? તમને તો વલ્લભાઈજી કહાવી કહાવી મોકલે,
ઘોડીલા જોઈએ તો અમારા લેજો. ગોકુલના. ૬

તમને તો કોણ કોણ કહાવી કહાવી મોકલે ? તમને તે બહેનજીરાજ કહાવી કહાવી મોકલે
જાનડીઓ જોઈએ તો અમારી લેજો રાજ. ગોકુલના. ૭
તમને તે વૈષ્ણવ કહાવી કહાવી મોકલે, કીરતનીઆ જોઈએ તો અમારા લજો.
ગોકુલના રાજવીને મથુરાના પાટવી. ૮

(ધોળ - ૪)-મારે માંડવે કોણ કોણ આવ્યું ને

મારે માંડવે કોણ કોણ આવ્યું ને, કોણ કોણ આવસે રે;
જેણે આવ્યે માહારો વડોરે વશેખ... આ શો રૂડો માંડવો રે. ૧
મોહનભાઈજીને મંડપ શોભા થઈ રહીરે;
મંડપે જડિત્ર હેમ રત્નની પાંત.... આ શો. ૨
જીરે માહારે માંડવે બેનજી રાજ આવ્યાં ને રૂપાંબાઈ આવશે રે,
હુંતો જોઉં મારાં વીરબાઈની વાટ.... આ શો. ૩
મંડપે વાજિત્રના ઘોષ થઈ રહ્યા રે, ધોસાં નગારાં નફેરી ને ઝાંઝ...આ શો.
જીરે નરનારી બાલક સહુ આવીયાં રે, તેહોની શોભાનો પાર ન જાણું...આ શો. ૪
જીરે શ્રીરાજ મોહનભાઈ રસભર્યા રે, ભક્તરાજ ગોકુલભાઈ સાથ,
તે આવ્યે માહારે રંગ રહેશે.... આ શો. ૫
જીરે આવે હરિભાઈ, નાથાભાઈ આવીયા રે, વલ્લભાઈ આવે વડોરે વસેક...આ શો. ૬
જીરે ગોપાલદાસ સાથે ગોકુલદાસ આવીયા રે, વૃન્દાવનદાસ કીશોરભાઈ સાથ,
એ આવ્યે આનંદ હોશેરે...આ શો. ૭
જીરે સુંદરભાઈ, વિઠ્ઠલભાઈ આવશે રે, તે આવે ક્યાંહાં લગી કહું વિવેક,
માહારી બુધ ચાલે નહીં રે...આ શો. ૮
જીરે હું મતિમંદ કાંઈ પ્રીછું નહીં રે, એહોને ચરણ શું ધરી શીષ,
માહારા મનડાના કોડ પૂરો રે...આ શો.૯
જીરે દાસનો દાસ કરે વિનંતી રે, મને રાખો તમારી શરણ,
તુમ પ્રતાપ માહારી ગતિ હોશે રે...આ શો. ૧૦

(ધોળ - ૫)-ધન્ય ધન્ય માતા શ્રીરુક્મિણી

ધન્ય ધન્ય માતા શ્રીરુક્મિણી, જેણે શ્રીવલ્લભરાય જાયાજી;
શ્રીગોકુલ સર્વે ગાજી રહ્યું, ઉલટ અંગ ન માયજી. ૧

ભક્તિમાર્ગ રે પ્રગટ કરી, પ્રગટ પુરુષોત્તમ આવ્યાજી;
સુંદર વદન સોહામણું મન વ્રજવાસીને ભાવ્યાજી. ૨
ભક્તને અવિચલ સ્થાપીને, શ્રીગોકુલ નિત્ય વિહારજી;
પરમ કૃપાલ કરુણાસિંધુ, ઉલટ્યો અતિશે ભારજી. ૩
આવો મલો રે સોહાસણી, મલીને મંગલ દીજેજી;
શ્રીવિઠ્ઠલસુત અતિ લાડકો, તેહનાં ભામણાં લીજેજી. ૪
આનન્દને રે લગન દિન, એ વર ઘોડિલે ચઢીયાજી;
કંદર્પ કોટી લાજી રહ્યા, નીરખતાં નયણાં રસભર્યાજી. ૫
છત્ર ઢરે રે ચમર ઢરે, વાજે નિશાનના ધાવોજી;
વાજિંત્ર વાજે છંદશું, મધ્ય મધ્ય ઝાંઝનો ઝાવોજી. ૬
બંસી બાજે રે વીણા વાંસલી, તાલ પખાવજ બાજેજી;
નાદ નફેરી રે રણઝણે, ભેર ભુંગલ બહુ સાજેજી. ૭
વઈષ્ણવજન રે ગાયે ઘણું, મેલીને મનની લાજજી;
સેવકજન રે સુણી સુણી, હૈયલડું, ટાઢું તે થાયજી. ૮
પુષ્પની વૃષ્ટિ અમર કરે, ધન્ય ધન્ય આજની રાતજી;
ક્ષણું ક્ષણું છબીરે જુજવી, કઈ પેરે કહું એ વાતજી. ૯
ઊઠો શણગારો સુહાસણી, જીયવર તોરણે આવ્યાજી;
ધન્ય ધન્ય ભાગ્ય ગુજરાતીનાં, વર શ્રીવલ્લભજીને ભાવ્યાજી. ૧૦
ચૌદભુવનવર પ્રગટીયા, પ્રગટ પુરુષોત્તમ આવ્યાજી;
દુ:સહ દુ:ખ રે સંસારનાં, અનેક અનેરાં તે વામ્યાજી. ૧૧
પટ પચરંગ પહેર્યાં સહી, કંઠ સોનાતણી માલજી;
નવલ નાહો અતિ રસભર્યા અતિરસ ભરિયાં તે બાલજી. ૧૨
મંડપ મધ્યે પધરાવીયા, બેઠા શ્રીવલ્લભરાયજી;
બીડા આરોગે પ્રભુ પાતલો, ચહુંઓર વાયુ ઢોળાયજી. ૧૩
મરકલડે રે જોયે સહી, પાંખે સખી જન સાથજી;
મંદ મધુરૂં બોલે સહી, પ્રેમસું પૂછે છે વાતજી. ૧૪
કોટની લટકતી, કુંડલની ચટકતી, નયન તણી અતિ મટકની;
સ્વજન સર્વે મોહી રહ્યા, મોહી પુષ્પ માલા તે નિકટની. ૧૫
ઉલટ અતિશે રે ઉલટયો, વઈષ્ણવ મંડલી આજજી;

નિર્ભય થઇ વિચરે સહી, સરીયાં છે સર્વનાં કાજજી. ૧૬
ગદોરે દુબે ગોવિંદ દુબે, મધુવા ઠાકોર તણી વાતજી;
ઠાકોરદાસી રાંધનપુર, તેહની શી કહીયે વાતજી. ૧૭
અનંત કલા ગુણ પૂર્ણ, માધવદાસનો ગ્રહ્યો હાથજી;
વલી વલી કરૂં પ્રભુ વિનતી, શ્રવણ સુણો મારા નાથજી. ૧૮
સેવક સમું રે જોઇને, રાખો શ્રીગોકુલ વાસજી;
નિશદિન નિકટ નિરંતર, ક્ષણું એ ન મેલું પાસજી. ૧૯

राग बिलावल :- **मंगल मास अषाढ़ ग्रीष्म ऋतु वदि दुतीया गुरुवार, सुधन्य धन्य ।। संवत सोलसें चोबीस महा सुभ उदयात् धरी दिन ।। १ ।। दूलह नवल लाल श्रीरुक्मिनी सुत, दूलहनी पारवती अति गोरी ।। रूप रासी रस ससि सुभग दोउ, बनी अचल सुहागकी जोरी ।। २ ।। अति उत्साह भये जुवतिन मन, निरखि ब्याह नाह सुख पायौ ।। वल्लभसों हंसि हंसि मिली नेंनन, रसिक वचन रस रंग मचायो ।। ३ ।।**

राग बिलावल :- **धन धन वदि अषाढ़ दुतीया सुभ संवत सोलसें चोवीस गाई ।। ब्याह होत श्रीवल्लभलालकौ, दिन द्वै घड़ी चढ़ि लगन धराई ।। १ ।। धन धन पारवतीसी दूलहनी दूल्हे पायै श्रीवल्लभ राई ।। मंगल होत सबनके घर घर, वल्लभदास पिय दूलहनि आई ।। २ ।।**

राग बिलावल :- **श्रीवल्लभ दिन दूल्हेरी माई ।। आजकी बानीककी छबी मोपें, क्यांहु न बरनी जाई ।। १ ।। नित्य उठी गीत ब्याहके गावत, सब विधि पूरन ताई ।। वृन्दावनकौ चंद श्रीवल्लभ, भक्त जनन सुखदाई ।। २ ।।**

राग बिलावल :- **हमारौ दिन दूल्है श्रीवल्लभलाल ।। जोरी बनी अलौकिक अद्भुत, दूलहनी रस भरी बाल ।। १ ।। सुंदर दूलहनि, दूल्हे सुंदर, सुंदर परम रसाल ।। वल्लभदास पिय श्रीगोकुलेसवर, दूलह परम दयाल ।। २ ।।**

राग बिलावल :- **अनी होरे भयै असवार घोड़े पर जबही ।। जे जे कार भयौ दसोदिस तबहीं ।। १ ।। छत्र चरम दीप जोत चहुं ओरनी ।। जुर्यो समाज बहु असवार गुनी ।। २ ।। पाछली रात सबे सुख पावै ।। श्रीगुसांईजीके आगे आवे ।। ३ ।। बाजे बाजे अनेक बहु भांति ।। ध्वजा पताका विचित्र सोहाति ।। ४ ।।** ऊथलो :- **सोहाय विचित्र अनेक सोभा भक्त जूथ श्रीमुख चहे ।। हांरे हो उद्घोष ठौर ठौर वल्लभदास ए सुख लहे ।। १ ।। अनीहांरे श्रीवल्लभ असवार सोहाए ।। बरातकी बीच सब मन भायै ।। १ ।। व्याह के गीत सुंदरी मिलि गावै, वल्लभलाल दूलहनकुं लड़ावे ।। २ ।। भयौ उद्योत प्रात समे जबही ।। दिवस घड़ी चढ़े ते तबही ।। ३ ।। ठाड़ै भयै सब आयै समधिके द्वारै ।। दूल्हन लाल सम**

श्रीमुख चारु ।। ४ ।। ऊथलो :- मुख चारु सुंदर नवल दूलहो ठाड़ै द्वारै सोहिये ।। तहां आचार करि तिलक सुंदर आरती समती हिये ।। २ ।। हांरे बैठै आय आसन पर राजै, सुंदर छबि निरखि भक्त तहां गाजै ।। १ ।। व्याहकी विधि सब कीनी ।। सास सुसरने बलैया लीनी ।। २ ।। वहुजी आय बैठाई पास ।। अंतर पटसुं पूजई आस ।। ३ ।। भूषन बहु वहुजी अंग सोहै ।। सारी पीत वल्लभ देखी मोहै ।। ४ ।। ऊथलो :- मोहेजी वल्लभ सारी पर झलकत मुख चंद वहुजीको ।। भूषन अनेक रसाल सुंदर कपोल पर धर्यो टीकौ ।। ३ ।। अनी हांरे वहुजीके सीस चोटी सोहै ।। मांग उपर आभ्रन बहु सोहै ।। १ ।। सेहरौ धर्यो सीस बिराजै, श्रवनन कृढ़ेढ़ी नकवेसर छाजे ।। २ ।। नेत्र चपल स्याम अंजन रेखा ।। रसरेखा वीज झलके वेषा ।। ३ ।। ग्रीवा भूषन पहेरे मुक्ता हार ।। जटित कनक सुंदर सुढ़ार ।। ४ ।। ऊथलो :- रस रेखा बीच झलके वेषा सुढ़ार चुनी हस्त कंकन हाथ पोहोंची सुहाव ही ।। आरसा अंगुष्टी बीच सोहै देखि पिया मन भावही ।। ४ ।। अनीहारे चरनन जेहर बिछिया बेजती ।। महावर सोहे नखमनी ।। १ ।। नखते सिखलो सिंगार बहु एहरी ।। सारी चोली पीत रंग गेहरी ।। २ ।। कुंकुम तिलक कपोल सुहाग ।। हरदे मुख पर चल्यौ अनुराग ।। ३ ।। वहूजी राजे सन्मुख पियाकै ।। अंगोअंग आनन्दभेर अति जियाकै ।। ४ ।। ऊथलो :- जीयाके आनन्द भयौ अति पारवतीसों यों नेंनन भई थकित ।। प्रभु दयाल मोसों बहोत करी री सुमरण मुज अपराधीसुं कछु नई सहित ।। ५ ।।

राग बिलावल :- वल्लभ बना बनि ठनि आयै ।। परम सोहाग भाग्य बनरी के जीने एसौ वर पाऐ ।। १ ।। मनकौ भायौ भयौ सबहीन कौ उर आनन्द न समायौरी ।। रसिक भक्त अनुरक्त सबै मिलि जू करत मनकौ भायौरी ।। २ ।। नाचत गावत देत बधाई अति ही लगत सोहायौ री ।। वृन्दावनको चंद श्रीवल्लभ दूलहनीकुं संग लायौ री ।। ३ ।।

राग बिलावल :- श्रीवल्लभलाल चढ़े हैं घोड़ी ।। अति उच्छाह चले व्याहनकुं पहोंचें हैं वेना भटकी पोरी ।। १ ।। रतन जटितको सीस सेहरो जरतारी वागो अंग धर्योरी ।। नखसिख भूषन रत्नन हुं खान अद्भूत दूलहो रूप बन्यौ री ।। २ ।। संग बराती सोहत रंगभरे निरखत हैं श्रीमुख चकोरी ।। छत्र चमर ढ़ोरत दुहुंदिसा दे प्रकास मसाल चहुं ओरी ।। ३ ।। आतसबाजी छूटत सन्मुख नाचत कंचन नैना मोरी ।। चोकी आऐ पीढ़ापर बैठै दूलहनी सुं करी बरजौरी ।। ४ ।। गोत्र उच्चार करत श्रीविप्र वेद मंत्र पढ़ि छिरकत रोरी ।। मांगल्य चार नारीनर गावत अति सुख पावत व्रजगोरी ।। ५ ।। आनन्द मई भई मधुरापुरी घर घर अच्छाह व्रज खोरी ।। भोजन भेट पहेरावनी सबमन भामिनी करत है चित चोरी ।। ६ ।। उच्छाह कौ उच्छाह बढ़्यौ अति वरनन कहा करूं मति थोरी ।। छीतस्वामी गोस्वामी श्रीविट्ठल खरच्यौ हैं धन लाख कचोरी ।। ७ ।।

राग बिलावल :- यह छबि कहत न आवै दूलह दूलहन श्रीवल्लभलालकी ।। अंग अंग भूषन सुंदर अति सेहरौ दूलहनि सुहावै ।। १ ।। सोभा प्रगटी दीपति अद्भूत दंपति सुंदर मंगल गावै ।। वल्लभदास प्रभु व्याहत, भक्त निरखि सुख पावै ।। २ ।।

राग बिलावल :- व्याह आयै श्रीवल्लभवर होत बधाई व्रजपुर घरघर ।। नित्य नवल दूल्हेकौ व्याह भयौ उमग्यौ है आनन्द तिहुंपुर ।। १ ।। दूलहनीकौ लै आऐ वल्लभवर सीस सहेरौ जोबन भर ।। परम रसाल बनी यह जोरी वल्लभदास बलि बलि इन पर ।। २ ।।

राग काफी :- बनारसु लाग्यौ माहारौ नेहरौ ।। पीत उपरेना धोती वरमाला सीस सोहागकौ सेहरौ ।। १ ।। बैठै मंड़प मध्य दूलहनी संग बेनाभटके गेहरा ।। पिया दयाल वल्लभवर निरखत हरखत बरखत मेहरा ।। २ ।।

राग काफी :- व्याह उत्सव हैं आज हमारै ।। संवत सोलसो चोवीसो वदी असाढ़ दुतीया गुरुवार ।। १ ।। मांगल्य गान साधी सबविधि करि त्रिविध ताप निज जनके टारे ।। वेद रीति कुल रीति अलौकिक सब कीनी विधि चारै ।। २ ।। वाजित्र दान सनमान खानपान भयौ अपार ।। भेट न्यौछावर अनगनती निज जन तनमनधन कीनो बलिहार ।। ३ ।। जे जे कार होत चहुं दिसाते गुनीजन नाना गुन उचारे ।। परम सोहागी अति बड़भागी जे दूलहे दूलहनी सदा निहारे ।। ४ ।। श्रीगोकुलपतिके श्रीमुख पर सोभाजी आरती उतारे ।। देत असीस जुग जुग जीवो, यह जुगलजोरी वल्लभदास निहारे ।। ५ ।।

राग काफी :- बनरा मेरो राज दुलारोरी ।। नेह ओछाह बढ़्यौ बनरीसुं करि करि राखुं नेनन तारोरी ।। १ ।। मांगल्य मास असाढ़ ग्रीष्मऋतु वदि दुतीया गुरु वारोरी ।। व्याह ओछाह भयो सबही मन जै जै सब्द उचार्योरी ।। २ ।। श्रीविट्ठल मन मोद अति बढ़्यौ अद्भूत रूप निहार्योरी ।। गुनीजन गान करत निसवासर औसर आयौ सब वारौ री ।। ३ ।। पंच शब्द बाजत जहां तहां होत हे मांगल्य चोरी री ।। हसत हसावत नाचत गावत मनभायौ पिया पायोरी ।। ४ ।। कहा कहुं कछु कहत न आवै वारंवार निहारो री ।। दास गोपाललाल रुक्मिनीको जीवन प्रान हमारो री ।। ५ ।।

श्रीवल्लभनुं रूप नीरखुं, अनंग कोटि निवास, भक्त हेते प्रतटीआ, जीरे सुं कहुं ते एह.
ભક્તિ મારગ રાખવા, રસ તણો સાધ્યો એહ, રસીક કેસતે રસ ભર્યા, જીરે શોભા એહ આધાર.

સંકલન: રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ), દાસ ગોપાલ (વડોદરા)

વર્ષ ૩ વિશેષ અંક જેઠ વદ ૨, ૨૦૬૫ - પુનઃ મુદ્રણ

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીવિવાહ ઓચ્છવ



राग बिलावल :-

श्रीवल्लभलाल चढ़े हैं घोड़ी ।।
अति उच्छाह चले व्याहनकुं पहोंचें हैं वेना भटकी पोरी ।। १ ।।
रतन जटितको सीस सेहरो जरतारी वागो अंग धर्योरी ।।
नखसिख भूषन रत्नन हुं खान अद्भूत दूलहो रूप बन्यौ री ।। २ ।।
संग बराती सोहत रंगभरे निरखत हैं श्रीमुख चकोरी ।।
छत्र चमर ढ़ोरत दुहुंदिसा दे प्रकास मसाल चहुं ओरी ।। ३ ।।
आतसबाजी छूटत सन्मुख नाचत कंचन नैना मोरी ।।
चोकी आऐ पीढ़ापर बैठै दूलहनी सुं करी बरजौरी ।। ४ ।।
गोत्र उच्चार करत श्रीविप्र वेद मंत्र पढ़ि छिरकत रोरी ।।
मांगल्य चार नारीनर गावत अति सुख पावत व्रजगोरी ।। ५ ।।
आनन्द मई भई मधुरापुरी घर घर अच्छाह व्रज खोरी ।।
भोजन भेट पहेरावनी सबमन भामिनी करत है चित चोरी ।। ६ ।।
उच्छाह कौ उच्छाह बढ़्यौ अति वरनन कहा करूं मति थोरी ।।
छीतस्वामी गोस्वामी श्रीविट्ठल खरच्यौ हैं धन लाख कचोरी ।। ७ ।।